
સાધના કરવી તો કોની ?
સાધના વગર જે કલ્યાણ વાંછે છે, તે મૂઢ છે
વિરાટ રૂપ હૃદયમાં જોઇ શકાય છે,
પરમાત્મા જ સત્ય છે, ૐનો જપ કરો
આત્મા જ સત્ય છે, કઠોર તપસ્યાથી આ જન્મમાં
અવિનાશી સર્વજ્ઞ પદને પ્રાપ્ત કરે છે
પ્રત્યેક મહાપુરુષનો મત એક જ છે
અહુરમજદા એક ઈશ્વર જ સત્ય છે
એક ૐકાર સદ્‌ગુરુની પ્રસાદી
એક અલ્લાહ સિવાય કોઈ સત્ય નથી
એક ઈશ્વરનું જ શરણું, એની જ શ્રદ્ધા અને સાધના
સત્યનો અભાવ નથી એને નષ્ટ કરી શકાતું નથી
સત્યનું દર્શન તો થાય જ છે !
કર્માનુબંધીનિ મનુષ્યલોકે - ગીતા

॥ ૐ નમઃ સદ્‌ગુરુદેવાય ॥

# સાધના કરવી તો કોની ?

સત્યનો અભાવ નથી
એને નષ્ટ કરી શકાતું નથી
સત્યનું દર્શન તો થાય જ છે !

લેખક :
પરમપૂજ્ય શ્રી પરમહંસજી મહારાજના કૃપાપ્રસાદ
**સ્વામી અડગડાનંદજી**
**શ્રી પરમહંસ આશ્રમ શક્તેષગઢ**
ગ્રામ-પોસ્ટ : શક્તેષગઢ, જિલ્લો : મિર્ઝાપુર
ઉત્તરપ્રદેશ, ભારત
ફોન : (૦૫૪૪૩) ૨૨૪૪૦

અનુવાદ :
**જશવંતી દવે**

પ્રકાશક :
**શ્રી પરમહંસ સ્વામી અડગડાનંદજી આશ્રમ ટ્રસ્ટ**

અનન્તશ્રી વિભૂષિત, યોગીરાજ, યુગપિતામહ,

**પરમપૂજ્ય શ્રી સ્વામી પરમાનન્દજી**

શ્રી પરમહંસ આશ્રમ અનુસુઈયા (ચિત્રકૂટ)

ના

પરમ પાવન ચરણોમાં

સાદર સમર્પિત - અંતઃપ્રેરણા

# ગુરુ-વંદના

**॥ ૐ શ્રી સદ્‌ગુરુદેવ ભગવાનની જય ॥**

જય સદ્‌ગુરુદેવં, પરમાનન્દં, અમર શરીરં અવિકારી ।
નિર્ગુણ નિર્મૂલં ધરિ સ્થૂલં, કાટન શૂલં ભવભારી ॥

સૂરત નિજ સોહં, કલિમત ખોહં, જનમન મોહન છવિભારી ।
અમરાપુર વાસી, સબ સુખરાશી, સદા એકરસ નિર્વિકારી ॥


અનુભવ ગમ્ભીરા, મતિ કે ધીરા, અલખ ફકીરા અવતારી ।
યોગી અદ્વૈષ્ટા, ત્રિકાલ દ્રષ્ટા, કેવલપદ આનન્દકારી ॥

ચિત્રકૂટહિ આયો, અદ્વૈત લખાયો, અનુસૂઈયા આસન મારી ।
શ્રી પરમહંસ સ્વામી, અન્તર્યામી, હૈં બડનામી સંસારી ॥

હંસન હિતકારી, જગ પગુધારી, ગર્વ પ્રહારી ઉપકારી ।
સત્-પંથ ચલાયો, ભરમ મિટાયો, રુપ લખાયો કરતારી ॥

યહ શિષ્ય હૈ તેરો, કરત નિહોરો, મોપર હેરો પ્રણધારી ।
જય સદ્‌ગુરુ.....ભારી ॥

ૐ




શ્રી શ્રી ૧૦૦૮ શ્રી પરમહંસ સ્વામી પરમાનન્દજી મહારાજ (પરમહંસજી)
જન્મઃ શુભ સંવત વિક્રમ૧૯૬૯ (ઇ. સ. ૧૯૧૧)
મહાપ્રયાણ : જ્યેષ્ઠ શુક્લ ૭ સંવત ૨૦૨૬ તારીખ ૨૩-૦૫-૧૯૬૯



શ્રી સ્વામી અડગડાનન્દજી
(પરમહંસ મહારાજના કૃપા પ્રસાદ)

# શાસ્ત્ર

પહેલાં બધાં શાસ્ત્રો મૌખિક હતાં. ગુરુ-શિષ્યપરંપરામાં કંઠસ્થ થતાં હતાં. એ પુસ્તકરૂપે નહોતાં. આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે વેદવ્યાસે એને લિપિબદ્ધ કર્યાં. ચાર વેદ, મહાભારત, ભાગવત્, ગીતા ઇત્યાદિ મહત્ત્વપૂર્ણ ગ્રંથોનું એમણે સંકલન કર્યું. ભૌતિક તથા આધ્યાત્મિક જ્ઞાનને તેઓ પ્રકાશમાં લાવ્યા અને છતાં તેમણે એને શાસ્ત્રો ન કહ્યાં. એમણે વેદને શાસ્ત્રની સંજ્ઞા આપી નહિ, પરંતુ ગીતાની પ્રશંસા કરતાં કહ્યું, **'गीता सुगीता कर्तव्या किमन्यै शास्त्र संग्रहै । या स्वयं पद्मनाभस्य मुख पद्माब्ज बिनिःसृता ॥'** ગીતાનું સારી રીતે ચિંતન કરી હૃદયમાં ઉતારો ! આ પ્રભુ પદ્મનાભના શ્રીમુખેથી નિઃસૃત થયેલી વાક્ધારા છે ! હવે અન્ય શાસ્ત્રોના વિષય વિષે વિચાર કરવાનો કે એનો સંગ્રહ કરવાનો અવકાશ જ ક્યાં છે ? વિશ્વમાં અન્ય સ્થળેથી જે કંઈ પણ પ્રાપ્ત થાય છે તેનો સંકેત ગીતામાં છે જ છે. 'એક ઈશ્વરના સંતાન'નો વિચાર પણ ગીતાની જ દેણ છે ! આને સારી રીતે સમજવા માટે **'યથાર્થ ગીતા'** નો અભ્યાસ કરો !

અર્થાર્થી આર્ત, જિજ્ઞાસુ તથા મુમુક્ષુ લોકો અર્થ-ધર્મ-સ્વર્ગીય સુખ તથા પરમશ્રેયની પ્રાપ્તિ કાજે **'યથાર્થ ગીતા'**નો જ અભ્યાસ કરે !

**નિવેદન : ભક્તમંડળ,**
**શ્રી પરમહંસ આશ્રમ,**
શક્તેષગઢ, ચુનાર, મિર્ઝાપુર (ઉ.પ્ર.)

# સાધના કરવી તો કોની ?

## (ઈ.સ. ૧૦-૪-૧૯૮૬ના દિવસે ચંડીદ્વીપ (હરિદ્વાર)માં મહાકુંભના અવસર પર પરમપૂજ્ય સ્વામીશ્રી અડગડાનંદજીનું જનસભા સમક્ષ પ્રવચન)

બંધુઓ,

સાગર મંથનના પરિણામ સ્વરૂપ અમૃતકુંભનો પણ પ્રાદુર્ભાવ થયો હતો. એ અમૃતકુંભના થોડાક અંશ અમુક સ્થળો પર છલકાઈ ગયા હતા. આ સ્થળો પર કુંભમેળાનું આયોજન થાય છે તેવો તેનો ઇતિહાસ છે. આ આયોજનનું પ્રયોજન એટલું જ હોય છે કે એ અમૃત-તત્ત્વની શોધની વિધિ પ્રાપ્ત થઈ જાય. કુંભમેળાનું એ પ્રયોજન તો નથી જ કે મેળામાં આવવું, સ્નાન કરવું, દેવ-દર્શન કરવું અને નીકળી જવું. આ કુંભમેળાઓ યોજાય છે તેનું એક વિશિષ્ટ કારણ હોય છે, અને એ કારણ છે કે ધર્મના સંદર્ભમાં, ઇષ્ટના વિષયમાં, આપણા સ્વના કલ્યાણના માર્ગમાં જે ભ્રાન્તિઓ છે તે સમસ્તનો નાશ થાય ! શ્રીમદ્ભગવદ્ગીતા અને અન્ય યોગશાસ્ત્રો અનુસાર એક પરમાત્મા અને એની પ્રાપ્તિ માટે એક નિર્ધારિત ક્રિયા નિર્માણ થઈ છે, પરંતુ આજે તો અસંખ્ય પૂજાપદ્ધતિઓ પ્રચલિત થઈ ગઈ છે. કોઈ ગાયને ધર્મ માને છે તો કોઈ પીપળાને તો કોઈ વર્ણ અને આશ્રમને ધર્મ માની એને મહત્ત્વ આપે છે. આમ આ પ્રશ્ન ગૂંચવાડો ઊભો કર્યે જ જાય છે અને સનાતન ધર્મ શું છે એની કંઈ સમજણ પડતી નથી. આજે પણ આ જ પ્રશ્ન છે, 'ઇષ્ટ કોણ છે ?' 'સાધના કરવી તો કોની ?'

વિશ્વમાં સહુથી વધારે અને અધિક પ્રમાણમાં ધાર્મિક ચિંતન-મનન કરનારો અને પૂજા-પાઠમાં મગન રહેનારો વર્ગ હિંદુ જ છે, પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે ધર્મ પ્રત્યે આટલી બધી આસ્થા ધરાવનાર હિંદુ જિંદગીના અંત સમય સુધી એ નિર્ણય જ નથી લઈ શકતો કે એનો

ઇષ્ટદેવ કોણ છે ? કોની પૂજા કરી કલ્યાણ પ્રાપ્ત કરી શકું ? આના મૂળમાં જોવા જઈએ તો જણાશે કે બહુદેવવાદનો પ્રચાર એટલો બધો બહોળો છે કે કોઈ એકમાં નિષ્ઠા કાયમ કરવામાં એ બાધકરૂપ નીવડે છે. એક જ પરિવારના દસ સભ્યો હોય તો એ પ્રત્યેકના દેવી-દેવતા જુદા જુદા હોય છે એવું જોવામાં આવ્યું છે. કોઈ હનુમાનને ભજે છે તો કોઈ શિવની પૂજા કરે છે, કોઈ એક દેવીનો ભકત છે તો કોઈ અન્ય દેવમાં શ્રદ્ધા રાખતો હોય. અને વળી, પોતપોતાનાં દેવી-દેવતાઓ ખાતર અંદરોઅંદર ઝઘડા પણ કરતા હોય છે. કોઈ એ જાણતું જ નથી કે શાશ્વત કોણ છે ? કોની સાધના કરવાથી શાશ્વત ધામની પ્રાપ્તિ થશે ! અનેક દેવી-દેવતાઓ આપણા મનમાં એવાં તો સમાઈ ગયાં છે કે અંત સમય સુધી કોઈ પણ એકના પર શ્રદ્ધા કે વિશ્વાસ ઉદ્‌ભવતો જ નથી ! મૃત્યુ સમયે બધાં જ કુટુંબીજન આસપાસ ઊભા હોય છે અને કહેતા હોય છે : 'ભાઈ, હવે બધી ચિંતા છોડી દો અને માત્ર ભગવાનનું સ્મરણ કરો !' તો ભાઈ એક જ ઝટકામાં બોલી ઊઠે છે, 'હે હનુમાનજી, હે દુર્ગાજી, હે શીતળામાતા, હે વિન્ધ્યવાસિની દેવી, હે મૈહરવાલી મા, હે હરસ્-બ્રહ્મ બાબા, હે શંકરદાદા !' આમ લગભગ પચ્ચીસ-ત્રીસ નામોનું એક સાથે રટણ કરવા માંડશે. આમ આ ભ્રાન્તિ અંત સમય સુધી જકડી રાખે છે. અરે ભાઈ, "**एक मन्दिर दस देवता क्यों कर बसे बजार ।**" હૃદય એક મંદિર છે જેમાં એ માત્ર એક જ પરમેશ્વરને સ્થાન આપી શકે છે, એમાં અનેક દેવી-દેવતાઓને સ્થાન નથી મળી શકતું. "**दुविधा में दोऊ गये, माया मिली न राम ।**" એટલે હૃદય-દેશમાં માત્ર એકને જ સ્થાન આપવું એ જ ઉચિત ગણાશે !

આ સંદર્ભે આપણા પૂર્વજો અને મહાપુરુષોનું શું મંતવ્ય છે તે પર આપણે દૃષ્ટિ નાખીએ. ભગવાન શ્રીકૃષ્ણે કોને ઇષ્ટ કહ્યા છે ? ભગવાન રામે કોની આરાધના કરવાનો આદેશ આપ્યો છે ? ભગવાન શિવે કોનું સ્મરણ કરવાનો નિર્દેશ કર્યો છે ? આ મહાન અને વિશ્વસનીય પુરુષોએ કોનું ચિંતન-મનન કર્યું છે ? માત્ર આટલી જ વાત તમે મનમાં એમને એમ માની લેશો તો તમને કોઈ સંદેહ રહેશે નહિ કે ક્યારેય ભવિષ્યમાં સતાવશે નહિ. અફસોસ એ વાતનો છે કે આપણે ક્યારેય આ વાત પર

વિચાર કરતા જ નથી. કદાચ, ક્યારેક વિચાર આવે તો આપણે એટલા બધા ડરી જઈએ છીએ કે જો નવા દેવતાને પૂજીશું તો વળી ક્યાંક જૂના દેવતા કોપ કરશે અને આપણને દુ:ખી કરી નાખશે !

આ વિષયે યોગેશ્વર શ્રીકૃષ્ણે ગીતામાં એમનો વિચાર સ્પષ્ટ કરતાં કહ્યું છે :

**मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।**
**नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ।।** ૮/૧૫

"અર્જુન, મનુષ્ય મને પામીને ક્ષણભંગુર, દુ:ખની ખાણ અને પુનર્જન્મને પ્રાપ્ત નથી થતો. જે મનુષ્ય મને પ્રાપ્ત કરે છે તેનો પુનર્જન્મ નથી થતો. પુનર્જન્મ તો દુ:ખની ખાણ છે. મને એ પામી લે માત્ર તો એને પુનર્જન્મમાંથી મુક્તિ મળી જાય છે. **'स्थानम् प्राप्स्यसि शाश्वतम्'** એને સદાય શાશ્વત રહેનારું સ્થાન, પરમધામ પ્રાપ્ત થાય છે !" પુનર્જન્મ કોનો કોનો થાય છે તે આપણે જોઈએ.

**आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।**
**मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ।।** ગીતા, ૮/૧૬

"અર્જુન, બ્રહ્માથી લઈને ચૌદ ભુવન, ચરાચર જગત પુનરાવર્તી સ્વભાવવાળા છે, પરંતુ મને જે પામ્યો છે તે મનુષ્ય પુનર્જન્મ પ્રાપ્ત કરતો નથી એ શાશ્વત ધામ મેળવે છે." આનાથી સ્પષ્ટ થાય છે કે બ્રહ્મા અને એના દ્વારા સર્જન પામેલી સમગ્ર સૃષ્ટિ નાશવંત છે. આની અંદર દેવતા, પિતૃઓ, દાનવો, ઋષિઓ, સૂર્ય, ચંદ્ર બધા જ સમાઈ જાય છે. માનવજીવનનું પરમ લક્ષ્ય છે – અમરત્વની પ્રાપ્તિ ! અને આ લક્ષ્ય પ્રાપ્ત થાય છે ત્યારે, જ્યારે શ્રીકૃષ્ણ અનુસાર એક પરમાત્માનું ચિંતન થાય ! આપણે એક ઉદાહરણ જોઈએ. ધારો કે તમારે એક સમુદ્ર પાર કરવો છે, તમે જો એક કાગળના બંડલમાંથી હોડી બનાવી એના સહારે સમુદ્ર પાર કરવા જશો તો થોડેક દૂર જશો અને કાગળ પીગળી જશે, તમે ડૂબી જ જશો. આમ, તમે કોઈ અન્ય સાધન જે ડુબાડવાનું જ છે, અશક્ત છે એનો આશરો લેશો તો જાહેર જ છે કે તમારી આશા ઠગારી જ નીવડશે. આમ, જે સ્વયં નાશવંત છે, નશ્વર છે, એ તમને શાશ્વત ધામ ન જ આપી શકે કે અમરત્વ પ્રદાન ન કરી શકે !

હા, એ તમને ડુબાડે કે તમારો નાશ કરી શકે. એટલે માત્ર એક જ પરમાત્માનું ચિંતન કરવું એવા ગીતાના ઉપદેશને અનુસરવું જ આવશ્યક છે.

હવે, ગીતા અનુસાર દેવતાઓ અશાશ્વત અને દુ:ખોની ખાણ સમાન છે તો પછી એની પૂજા કરવાનું શું પ્રયોજન ? ગીતાના સાતમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ કહે છે, ''અર્જુન, જે બુદ્ધિ કામનાઓથી પીડિત છે એવા મૂઢ મતિવાળા લોકો જ અન્ય દેવતાઓની પૂજા કરે છે. અહીં દેવતા નામે કોઈ સક્ષમ વસ્તુ નથી હોતી, પરંતુ જ્યાં પણ – પાણીમાં, પથ્થરમાં, વૃક્ષોમાં લોકોની શ્રદ્ધા જાગે છે ત્યાં હું સ્વયં હાજર રહીને એમની શ્રદ્ધાને પુરસ્કૃત કરું છું, ફળનું વિધાન કરું છું એટલે કે આ પૂજન કરનારને ફળ આપું પણ છું પણ એ ભોગવવા જતાં એનો આકાર નષ્ટ થઈ જાય છે !'' દિવસ-રાત શ્રમ તો કર્યો પણ જે ફળ મળ્યું તે તો નષ્ટ પામી ગયું. બધો જ પરિશ્રમ વ્યર્થ ગયો, બધું જ ધૂળ-ધાણી થઈ ગયું.

થોડા સમય માટે પણ ફળ તો મળ્યું ને ?! ભલેને પછી એ નષ્ટ થઈ ગયું. આમાં ખોટું શું છે ? આનો ઉત્તર આપતાં નવમા અધ્યાયમાં કહે છે, 'દેવતાઓની પૂજા કરનારા પણ મારી જ પૂજા કરે છે, પરંતુ આ પૂજન અવિધિસરનું હોય છે અને એટલે નષ્ટ થઈ જાય છે !' બધાનો ત્યાગ કરીને, લોહીનું પાણી કરીને, તમે શ્રમપૂર્વક પૂજન કરો છો અને પરિણામે જે મળ્યું તે તો નષ્ટ થઈ ગયું. આનું કારણ એ છે કે એ પૂજન અવિધિપૂર્વકનું હતું. જ્યારે શ્રમ કરવાનો જ છે તો પછી વિધિપૂર્વકનો શ્રમ કેમ ન કરવો ? રસ્તા પર ચાલવાનું જ છે તો સાચે રસ્તે કાં ન ચાલવું ?

આ દેવપૂજન જો અવિધિપૂર્વકનું હોય તો વિધિ શું છે ? આનો પ્રત્યુત્તર અઢારમા અધ્યાયમાં આપે છે, 'અર્જુન, પોતપોતાના સ્વભાવમાં અનેક પ્રકારની ક્ષમતા સમાયેલી છે. આ ક્ષમતા અનુસાર જે મનુષ્ય નિયત કર્મ દ્વારા ભગવત્પ્રાપ્તિરૂપ પરમસિદ્ધિને મેળવે છે તેની વિધિ હવે હું તને કહું છું તે સાંભળ ! જે પરમાત્માએ સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કર્યાં છે, જે પરમાત્માથી સંપૂર્ણ જગત વ્યાપ્ત છે એ પરમેશ્વરને પોતાના સ્વભાવથી ઉત્પન્ન થતી ક્ષમતા દ્વારા સારી રીતે અર્ચન કરીને સંતોષ આપીને મનુષ્ય પરમસિદ્ધિને પ્રાપ્ત કરે છે. આનો અર્થ એમ કે એક જ પરમાત્માની પૂજા કરવી એ વિધિ છે, નિયમ છે ! આ પૂજન પણ

ચિંતનની એક નિર્ધારિત ક્રિયા છે. આમાં શ્વાસની પ્રક્રિયા, ઇન્દ્રિયોનો સંયમ, યજ્ઞસ્વરૂપ મહાપુરુષોનું ધ્યાન ઈત્યાદિ ક્રિયાઓનો સમાવેશ થાય છે. આ સર્વ ચર્ચા યોગેશ્વર શ્રીકૃષ્ણે ચોથા અધ્યાયના યજ્ઞપ્રકરણમાં તેમજ સમસ્ત ગીતામાં અનેક સ્થાનો પર કરી છે.

વધારે નહીં માત્ર એક પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા અને એ પરમાત્માના કોઈ નામ ઓમ્ અથવા રામનો તમે જો જાપ કરતા રહો તો ભલે તમને ધર્મનું જ્ઞાન ન પણ હોય તોપણ તમે શુદ્ધ અને પૂર્ણ ધાર્મિક છો. કદાચ, તમને સંપૂર્ણ ક્રિયાનું જ્ઞાન ન હોય તોપણ તમે કાર્યશીલ છો. આનું ફળ પણ નષ્ટ થશે નહીં અને તમારો પણ નાશ થશે નહીં !

યોગેશ્વર શ્રીકૃષ્ણે સંપૂર્ણ ગીતામાં ક્યાંય પણ દેવતાઓનું સમર્થન કર્યું નથી. નવમા અધ્યાયમાં એ કહે છે કે કેટલાક લોકો મારું પૂજન કરીને સ્વર્ગની અપેક્ષા કરે છે, હું એમને વિશાળ સ્વર્ગલોક ભોગવવા આપું પણ છું, પરંતુ એ લોકોના **‘क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति’** પુણ્ય ક્ષીણ થઈ જાય છે અને સ્વર્ગમાંથી બહાર પડી જાય છે. આમ થવાં છતાં એમનો વિનાશ થતો નથી કારણ કે એ લોકો નિયત કર્મ કરનારા છે અને આ નિયત કર્મ જ સાચી વિધિ છે. ‘અર્જુન, આ નિયત કર્મમાં આરંભનો નાશ નથી થતો. સાધકના મનમાં કોઈ ઇચ્છા આકાર લે તો ભગવાન એની ઈચ્છા પૂરી કરે છે. આ વસ્તુ તો કયારેય શાશ્વત નહોતી એટલે એને ભોગવાય છે તો ખરી, પરંતુ એ ભકતનો નાશ નથી થતો. કેમકે એ ભકત વિધિપૂર્વક કરે છે. હકીકતમાં તો બ્રહ્મા દ્વારા ઉત્પન્ન બ્રહ્મલોક, દેવલોક, પશુ-જીવજંતુના લોક, આ બધા જ ભોગ-યોનિ છે. મનુષ્ય જ એક એવો છે જે કર્મ કરે છે અને આ કર્મ દ્વારા એ પરમાત્મા સુધી પહોંચી શકે છે, ઉચ્ચ-વર્ગ સાધી શકે છે. શરીર ધારણના ક્ષેત્રમાં તમે તો દેવતાઓ કરતાં પણ ભાગ્યશાળી છે. કારણ કે આ તન, આ શરીર દેવોને પણ દુર્લભ છે અને છતાં તમને મળ્યું છે. તમે એની પાસેથી શાની અપેક્ષા રાખો છો ? તમે દેવતા બની જાવ, બ્રહ્માની સ્થિતિ પામી જાવ પરંતુ પુનર્જન્મના ચકરાવામાંથી જ્યાંસુધી મુક્તિ ન મળે ત્યાંસુધી મનનો વિરોધ થતો નથી કે મનનો વિલય થતો નથી. પરમાત્માનો સાક્ષાત્કાર કરી એની પરમભાવ સ્થિતિમાં આવી નથી જવાતું.

આની વિધિ છે ગીતામાં નિર્દેશ કરવામાં આવેલું નિયત કર્મ અને આ જ છે સાધનાની નિશ્ચિત ક્રિયા !

સોળમા અધ્યાયને અંતે ભગવાન કહે છે, 'અર્જુન, શાસ્ત્રોએ જે નિર્ધારિત કર્યાં છે તે કર્મો તું કર !' તો પ્રશ્ન એ થાય કે, 'ક્યાં શાસ્ત્રો ?' અહીં પણ જ્યાંત્યાં ભટકવાની જરૂરત નથી. **'किमन्यैः शास्त्र विस्तरैः'** અન્ય શાસ્ત્રોની ઝંઝટમાં પડવાથી શું પ્રયોજન ? ભગવાને સ્વયં કહ્યું છે, **'इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयानघ'** (ગીતા ૧૫/૨૦) 'અર્જુન, આ ગોપનીયથી પણ વધુ ગોપનીય શાસ્ત્ર મેં તને કહ્યું !' વળી, આગળના જ શ્લોકમાં કહે છે, 'તારા કર્તવ્ય અને અકર્તવ્ય વિશે શાસ્ત્ર જ પ્રમાણ છે એટલે શાસ્ત્રોએ જે પ્રમાણ્યા છે તેવા નિયત કર્મ કર !' જે લોકો શાસ્ત્ર-વિધિને ત્યાગી દે છે અને પોતાની ઇચ્છાનુસાર કર્મ કરે છે એમને નસીબે સુખ નથી હોતું, એમને નથી પરમગતિ મળતી કે નથી પ્રાપ્ત થતો આ લોક કે પરલોક ! અને જેથી તમે સર્વ ગીતાશાસ્ત્ર દ્વારા નિર્માયેલાં નિયત કર્મ કરો ! ભૂત કે ભવાનીની પૂજામાં તમારો આ લોક કે પરલોક બગાડો નહિં.

યોગેશ્વર શ્રીકૃષ્ણે જ્યારે ઉપર્યુકત નિર્દેશ કર્યો તો અર્જુનને એ જાણવાની ઈચ્છા થઈ કે જે લોકો શાસ્ત્ર-વિધિનો ત્યાગ કરે છે, પણ શ્રદ્ધાપૂર્વક ઈશ્વરને ભજે છે તો એમની ગતિ શું થાય છે ? ભગવાને જવાબમાં કહ્યું, 'અર્જુન, આ લોકો શ્રદ્ધાવાન હોય છે, ક્યાંક ને કયાંક એમની શ્રદ્ધા ટકી હોય છે. શાસ્ત્ર-વિધિને જે છોડી દે છે અને ભજન કરે છે એ લોકોમાં ત્રણ પ્રકારની શ્રદ્ધા હોય છે. જે લોકોની શ્રદ્ધા સાત્ત્વિક હોય છે તે દેવતાઓને ભજે છે. જેમની શ્રદ્ધા રાજસી હોય છે તે યક્ષો અને રાક્ષસોની પૂજા કરે છે અને જેમની શ્રદ્ધાનો પ્રકાર તામસી હોય છે તે ભૂત-પ્રેતની આરાધના કરે છે. આ ત્રણે પ્રકારના લોકો માત્ર પૂજન જ નથી કરતાં પણ અથાક પરિશ્રમ કરે છે, ઘોર તપ કરે છે પરંતુ અર્જુન, આ ત્રણેય પ્રકારની શ્રદ્ધાવાળા લોકો શરીરરૂપે સ્થિત ભૂત સમુદાય અને અંતઃકરણમાં સ્થિત મને અંતર્યામી પરમાત્માને કૃશ કરી નાખે છે, મારાથી દૂર થાય છે, ભજન તો કરતાં જ નથી. અર્જુન, આ

સર્વે અસુર છે એમ તું માન !' આનો અર્થ તો એ થયો કે દેવી-દેવતાઓને પૂજનાર લોકો અસુર છે !

અસુરનો અર્થ માથે બે શિંગડા હોય, લાંબા લાંબા દાંત અને નખ હોય એવાં વિચિત્ર જીવ નહીં, પરમદેવ પરમાત્માના દેવત્વથી જે વંચિત રહેલાં છે તેવા જીવો એટલે અસુર ! શ્રીકૃષ્ણ અનુસાર જગતમાં મનુષ્યના બે પ્રકાર છે : એક દેવતાઓ જેવો અને બીજો અસુરો જેવો. દૈવી સંપદ્ જેવા ગુણો જે ધરાવે છે તે દેવતાઓ જેવા પ્રકારમાં આવે જ્યારે આસુરી સંપત્તિને જે બહુમૂલ્ય આપે છે તેવા પ્રકારના મનુષ્યને અસુરો જેવા કહેવાય છે. તમારો જ એક સગો ભાઈ દેવ હોય તો બીજો સગો ભાઈ દાનવ હોઈ શકે છે. અસ્તુ. યોગેશ્વર કહે છે આ બધાને તું અસુર માન ! આનાથી વિશેષ કોઈ શું કહી શકે ?

બંધુઓ, તમે આટલો શ્રમ પણ કર્યો, શાસ્ત્ર-વિધિનો ત્યાગ કરી તપ પણ કર્યું, પરંતુ પરિણામ શું આવ્યું ? તમે એ પરમદેવના દેવત્વથી વંચિત રહી ગયા. અસુરોમાં ખપી ગયા. જે આત્માને જે પરમાત્માને પ્રસન્ન કરવાનો હતો એ તો વધુ નિર્બળ થઈ ગયો, તમારાથી ખૂબ દૂર થઈ ગયો. જ્યારે પરિશ્રમ કરવાનો જ છે તો એ રીતે કરો જેથી એ પરમાત્મા તમને પ્રતિકૂળ નહીં, બલકે અનુકૂળ થાય. શાસ્ત્ર-વિધિએ નિયત કરેલાં કર્મો જ શા કાજે ન કરવાં ? તેથી જેના આ સર્વે અંશમાત્ર છે એ મૂળ, એક પરમાત્માની સાધના કરો. આના પર જ શ્રીકૃષ્ણે વારંવાર જોર આપ્યું છે. એક જ પરમાત્માનું ચિંતન કરવું એ જ ગીતાનો મૂળ ઉપદેશ છે.

હવે, આ ચિંતનનો અધિકારી કોણ છે ?' અમે તો બહુ પાપીઆ છીએ ! અર્જુન જેવું ભાગ્ય અમારું ક્યાંથી હોય ?' આવી વાતો ન કરો. આવી ધારણા પણ ન બાંધી લો ! તમે ક્યાંય હતાશ થઈ જાવ અને નિયત કર્મ છોડી ન દો એટલે યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે,

**अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।**
**साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥** ગીતા, ૯/૩૦

અત્યંત દુરાચારી પણ જો અનન્ય અર્થાત્ અન્યને નહિ, મને છોડીને અન્ય કોઈ દેવતાને ન પૂજે, માત્ર મને જે ભજે એ સાધુ માનવા લાયક

છે. આનું કારણ એ છે કે એનામાં યથાર્થ નિશ્ચય નિર્માણ થઈ ચૂક્યો છે. **'क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छन्ति ।'** - આ પ્રકારની લગનીથી એ શીઘ્ર જ ધર્માત્મા બની જાય છે. પરમધર્મ પરમાત્મા સાથે અંતઃકરણ સંલગ્ન થઈ જાય છે અને એને સદાને માટે શાશ્વત શાંતિ પ્રાપ્ત થઈ જાય છે.

એટલે તમે ભયંકર દુરાચારી હો અથવા તો દુરાચારીઓના સરદાર પણ હો (અનેકાનેક દુરાચારો કરવાની યોજના પણ કરતા હો) છતાંય તમે જો એક પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા સેવો અને એ પરમાત્માની પ્રાપ્તિ અર્થે યજ્ઞની પ્રક્રિયા નિયત કર્મરૂપે એક લગનથી કરતા રહો તો તમે જલદી ધર્માત્મા સ્વરૂપ મેળવી લેશો. **'कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ।'** - 'અર્જુન, તું નિશ્ચયરૂપે જાણી લે કે મારો જે ભક્ત છે તે ક્યારેય નષ્ટ નથી થતો.' આમ, અન્ય કોઈને પૂજવાનું વિધાન છે જ નહીં.

ચાલો, એક પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા સ્થિર થઈ ગઈ, ધર્માચરણ માટે તૈયાર પણ થઈ ગયા, પરંતુ આ પરમાત્માને શોધે ક્યાં ? કયા તીર્થ-ક્ષેત્રોમાં ? મંદિરોમાં ? સાધના કરવી પણ હોય તો ક્યાં કરવી ? આના સંદર્ભમાં અઢારમા અધ્યાયના એકસઠમાં શ્લોકમાં કહે છે -

**ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।**
**भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥** - ગીતા, ૧૮/૬૧

'અર્જુન, આ ઈશ્વર પ્રત્યેક ભૂત-પ્રાણીમાત્રના હૃદય-દેશમાં નિવાસ કરે છે !' હવે જો ઈશ્વર આટલો સમીપ હોય તો દેખાતો કેમ નથી ? તો એના જવાબમાં કહે છે, 'માયારૂપી યંત્રમાં આરૂઢ થયેલાં આ બધાં જ લોકો લટકી રહ્યાં છે અને એટલે જ એ દેખાતો નથી. તો હવે શું કરવું ? કોની શરણે જવું ?

ગીતાના અઢાર અધ્યાયના બાસઠમા શ્લોકમાં કહે છે, **'तमेव शरणं गच्छ'** 'અર્જુન, આ હૃદયાકાશમાં જે ઈશ્વર સ્થિર થયો છે તેની જ શરણમાં જા ! **'सर्वभावेन'** - સંપૂર્ણ ભાવથી જા ! એવી રીતે નહીં કે અડધો ભાવ એક દેવમાં તો બાકીનો અડધો ભાવ બીજી દેવીમાં ! સંપૂર્ણ હૃદયથી સમર્પિત થઈ જાવ ! તો આનાથી લાભ શું ? લાભ બતાવતાં કહે છે, **'तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम्'**

આના કૃપા-પ્રસાદ દ્વારા તને પરમશાંતિ મળશે. એવા સ્થાનને પામશો જે સદૈવ શાશ્વત છે ! પરમાત્માની ખોજ કરવાનું સ્થળ હૃદય-દેશ સિવાય બહાર બીજે ક્યાંય નથી, પરંતુ સમસ્યા તો એ છે કે હૃદયસ્થ ઈશ્વર આરંભમાં ક્યાંય દેખાતો નથી - જણાતો નથી. હૃદયસ્થ ઈશ્વરની શરણે જાય તો કઈ રીતે જાય ? આગળના જ શ્લોકમાં કહે છે, 'અર્જુન, ગોપનીયથી પણ વધુ ગોપનીય એક વાત એ સાંભળી લે :

**मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।**
**मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥** ગીતા, ૧૮/૬૫

'અર્જુન, તું મારામાં અનન્ય મનવાળો છું, મારો અનન્ય ભક્ત છું, મારા પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધાયુક્ત છું. મને પ્રણામ કર એ જે નિર્દેશ્યા છે તે નિયત કર્મ કર. આમ કરવાથી તું મને પ્રાપ્ત કરી શકીશ !'

પહેલાં કહ્યું હતું, 'તત્ત્વદર્શીના શરણે જા !' હવે કહે છે 'ઈશ્વર હૃદય-દેશમાં છે. એમની શરણે જા અને શાશ્વત સ્થાન પ્રાપ્ત કર, અને અહીં કહે છે મારે શરણે આવ !' આ બધું શું છે ? હકીકતમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ અને ભગવાન એક-બીજાના પૂરક છે. શાશ્વત ધામ પ્રાપ્ત કરવું અને સદ્‌ગુરુ જે પરમાત્મ ભાવમાં સ્થિર છે એને પામવું એ બન્ને એક જ વાત છે. અને તેથી જ સદ્‌ગુરુનું શરણ નિતાંત આવશ્યક છે. સદ્‌ગુરુ જ ભગવાનના ધામમાં પ્રવેશ કરાવનાર ચાવી છે. ભગવાન છે, પરંતુ સદ્‌ગુરુના અભાવમાં એનું આપણને દર્શન થતું નથી કે એના ધામમાં પ્રવેશ મળતો નથી. શ્રીકૃષ્ણ એક યોગેશ્વર હતા, એક સદ્‌ગુરુ હતા. આ વાત એકદમ સહેલાઈથી સમજી શકાય તેમ નથી એટલે યોગેશ્વર ફરી આ વાત પર ભાર મૂકે છે અને કહે છે,

**सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।**
**अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥** ગીતા, ૧૮/૬૬

'અર્જુન, બધા જ ધર્મોનો ત્યાગ કરીને, મારે શરણે આવ, હું તને સંપૂર્ણ પાપોથી મુક્ત કરી દઈશ. હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું તું નિશ્ચય મારું સ્વરૂપ પ્રાપ્ત કરીશ, તું શોક ન કર !'

પ્રત્યેક મહાપુરુષે આમ જ કહ્યું છે. રામે કહ્યું છે, **'भगति मोरि ।'** આજ રીતે બુદ્ધે કહ્યું છે, **'बुद्धं शरणं गच्छामि'** જૈન તીર્થંકર કહે છે,

**'सम्यक् दर्शन ज्ञान चरित्राणि'** - તીર્થંકરોનું તત્ત્વજ્ઞાન, એમણે પ્રબોધેલું જ્ઞાન, એમના જેવું જીવન અને ચરિત્રનિર્માણ મોક્ષનું સાધન છે, શીખ લોકો કહે છે, 'વાહે ગુરુ !' ઈસ્લામ ધર્મ કહે છે, 'મહમ્મદ સાહેબ અલ્લાહના પયંગબર છે !' જીસસ કહે છે, 'સંસારના ભાર નીચે કચડાયેલા લોકો, મારી પાસે આવો, હું તમને વિશ્વાસ આપીશ !' પૂજ્ય મહારાજજી કહેતા હતા, 'હા, હું ભગવાનનો દૂત છું. મને મળ્યા વગર કોઈ ભગવાનને મળી શકતું નથી !' બધાં જ તમને બોલાવી રહ્યાં છે. કોની કોની પાસે જશો, તમે ? મહાપુરુષોના આ આદેશનો અર્થ તો માત્ર આટલો જ છે, 'તમારા સમકાલીન કોઈ તત્ત્વદર્શીનું શરણ ગ્રહણ કરો !'

એટલે એક પરમાત્મા પ્રત્યે સમર્પણ અને એ પરમાત્માને જાણી ચૂકેલા કોઈ મહાપુરુષનું સાંનિધ્ય, એમની સેવા, એ પરમાત્માનો પરિચય કરાવતો બે કે અઢી અક્ષરનો શબ્દ-રામ અથવા ૐ-જે તમને યોગ્ય લાગે તે-આ સર્વનું ચયન કરી લો ! ઘડીકમાં રામ અને ઘડીકમાં ૐ એમ અદલાબદલી ન કરો ! કોઈ એક જ શબ્દ પસંદ કરો કારણ બન્નેનો અર્થ એક જ છે, બન્નેનું પરિણામ એક જ છે, તમારે માત્ર આટલું જ કરવાનું છે. તમને કદાચ ભાષાની મુશ્કેલી હોય તો જે કણ-કણમાં વ્યાપ્ત છે એવા એક ઈશ્વરના પરિચિત નાના શબ્દોને ગ્રહણ કરી એનું રટણ કરો. જ્યારે નાના પ્રકારના નામનો પૃષ્ઠ ભાગ અંતરમાં પહોંચી જશે ત્યારે આ નાનું નામ પણ તમારા શ્વાસોશ્વાસમાં સમાઈ જશે !

## શ્રી રામચરિત માનસ અનુસાર ઇષ્ટ કોણ છે ?

રામચરિતમાનસના પ્રકાશમાં આવો, હવે આપણે એ વિચારીએ કે એને અનુસાર ઇષ્ટ કોણ છે ? સાધના કોની કરવી જોઈએ !

'માનસ' ભગવાન શંકરના હૃદયમાં ઉદ્ભવ આપ્યું છે. ભગવાન શંકરનો નિર્ણય આમ છે.

**धर्म परायन सोइ कुल त्राता । राम चरन जा कर मन राता ॥**
**नीति निपुन सोई परम सयाना । श्रुति सिद्धान्त नीक तेहिं जाना ॥**
**सो कुल धन्य उमा सुनु, जगत पूज्य सुपुनीत ।**
**श्री रघुवीर परायन, जेहिं नर उपज विनीत** ॥ ઉત્તરકાંડ ૧૧૬

જેનું મન એકમાત્ર રામનાં ચરણોમાં જ અનુરક્ત છે તે નીતિ-નિપુણ છે, વિદ્વાન છે, વેદોના સારને ઉત્તમ પ્રકારે જાણે છે અને એ જ કુલીન છે.

સંપૂર્ણ રામાયણમાં આરંભથી લઈ અંત સુધી એક જ વાતને વારંવાર પુષ્ટિ આપે છે, અને એ વાત છે : સાધના કોની કરવી ? વનવાસ સમયનો પ્રસંગ છે - ભગવાન રામ શૃંગવેરપુરમાં શયન કરી રહ્યા હતા. તૃણ અને ઘાસ-કુસની પથારી પર એમને સૂતેલા જોઈ નિશાદરાજ ગુહને બહુ દુ:ખ થયું. બાજુમાં બેઠેલા લક્ષ્મણને એમણે કહ્યું, 'આ કૈકેયી બહુ દુષ્ટ છે, એણે રઘુનંદન રામ અને જાનકીને જ્યારે સુખ મળવાનું હતું ત્યારે જ દુ:ખ આપ્યું.' લક્ષ્મણે કહ્યું, 'આ વાત નથી,

**काहु न कोउ सुख दुःख कर दाता । निजकृत करम भोग सुन भ्राता ॥**
**जोग वियोग भोग भल मंदा । हित अनहित मध्यम भ्रम फंदा ॥**
**धरनि धाम धन पुर परिवारू । सरगु नरक जहँ लगि व्यवहारू ॥**
**देखिअ सुनिअ गुनिअ मन माहीं । मोह मूल परमारथु नाहीं ॥**

ધરતી, ઘર, ધન, પુર-પરિવાર, જન્મ-મૃત્યુ, સંપત્તિ-વિપત્તિ, સ્વર્ગ-નરક - આ બધાં વિષયમાં બોલવું, સાંભળવું કે વિચાર કરવો એ મોહમાં પડવાના મૂળ બરાબર છે. લોકો સ્વર્ગની ઇચ્છા સેવે છે તે પણ મોહના એક પ્રકારનું મૂળ છે. ત્યાં પરમાર્થનો પ્રશ્ન જ ઊભો થતો નથી. તો પરમાર્થ શું છે ? પરમાર્થ માત્ર એક જ છે, પરમ પુરુષ પરમાત્માનું ચિંતન !

**सखा परम परमारथ एहू । मन क्रम वचन राम पद नेहू ॥**

આ પ્રકરણમાં એમ કહેવામાં આવ્યું કે સ્વર્ગ અને નરક સુધીનો વ્યવહાર મોહનું મૂળ છે. એનું ઉદ્ગમ સ્થાન છે. અને તમે સ્વર્ગના અધિકારી દેવતાઓની પૂજા કરી મોહમાંથી મુક્ત થવા માગો છો ? આ તો વિસંગતિ જ થઈ !

## (૬)

**हम देवता परम अधिकारी । विषय वस्य प्रभु भगति बिसारी ॥**

અમે દેવતાઓ પરમ અધિકારી હતા પણ વિષયોના વશમાં આવી ગયા અને તમારી ભક્તિ ભૂલી ગયા. **'हम देवता परम दुख पायो ।'** એક હોય છે દુ:ખ અને બીજું હોય છે પરમ દુ:ખ. આ પરમ દુ:ખથી

દેવતાઓ પણ પીડાય છે. દેવતાઓ પણ વિષય-વશ હોય છે. તમે જો દેવતાઓની સેવા કરતા હો તો તમે વિષય-વાસનાની સેવા કરો છો.

**(ખ)**

**विधि प्रपंच गुन अवगुन साना ।**

**दानव देव ऊँच अरू नीचू । अमिय सुजीवन माहुर मीचू ।।**

**सरग-नरक अनुराग-विरागा । निगमागम गुन-दोष विभागा ।।**

અર્થાત્ વિધાતા ગુણ અને અવગુણરૂપી પ્રપંચમાં જકડે છે. પ્રપંચ શું છે ? પાપ અને પુણ્ય, સવર્ણ અને નીચ-હલકી જાતિ, અમૃતમય સુંદર જીવન અને વિષમય મૃત્યુ, સ્વર્ગ અને નરક-આ બધી જ વિધાતાની પ્રપંચ લીલા છે. શાસ્ત્ર વિશારદ મહાપુરુષોએ એનું વિભાજન કર્યું છે, તમે જો આવા દેવતાઓની પૂજા કરો છો તો તમે પ્રપંચની પૂજા કરો છો. આ આપણા સંસારના ગુણદોષોનું ચિત્ર માત્ર છે. સંસારથી અલગ નથી તો કોઈ દેવતા કે નથી તો કોઈ સ્વર્ગ !

**(ગ)**

ગરુડને મોહ ઉત્પન્ન થયો. એ બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માને મનમાં વિચાર આવ્યો કે આ ગરુડને તો મેં બનાવ્યો. ભગવાનની માયાએ જ્યારે મારા જેવાને અનેકવાર નચાવ્યો છે તો આ પક્ષીરાજમાં મોહ ઉત્પન્ન થાય એમાં કોઈ નવાઈ નથી. **‘विपुल बार जेहिं मोह नचावा ।’** દેવતાઓના પિતામહ બ્રહ્મા જ જ્યાં નાચ કરે છે તો દેવતાઓની શી વિસાત કે તમને માયાથી બચાવી શકે ?

**सोई प्रभु भ्रू विलास खगराजा । नाच नटी इव सहित समाजा ।।**

આ જ માત્રા ભગવાનના સંકેતમાત્રથી નટીની જેમ નાચે છે. માયાથી જે વિવશ થઈ જાય છે તેની તમે પૂજા કરો છો. પૂજા જ જો કરવી હોય તો એની કરો જેના સંકેતથી સ્વયં માયા નાચે છે. ગરુડજી કહે છે, ‘આ માયા રઘુવીરની દાસી છે. અને એ રામની કૃપા વગર છૂટતી જ નથી. આ હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું. અને તેથી એ એક જ પરમાત્માની સાધના કરો જે માયાના પણ અધિપતિ છે. આ વાતનો ‘માનસ’માં સ્થળે સ્થળે સંકેત કરવામાં આવ્યો છે.

**(ઘ)**

**अग-जग जीव नाग नर देवा । नाथ सकल जग काल कलेवा ॥**

દેવતા અને મનુષ્ય આદિ આ ચરાચર જગતના કાળનો નાસ્તો છે. દેવતાને પણ કાળ જમી જાય છે. એમનો નાસ્તો છે. તો પછી તમે એ નાસ્તાનું પૂજન શા માટે કરો છો ? **'भजसि नं मन तेहिं राम कहँ, काल जासु को दण्ड ।' 'भुवनेश्वर कालहु कर काला ।'** કાળના પણ કાળ, મહાકાળ, જે જગતના સ્વામી ભગવાન રામ છે તેની સાધના કેમ નથી કરતા ? જે સ્વયં મરણધર્મા છે તે તમને પણ મૃત્યુ આપી શકે છે. એ તમને મૃત્યુથી બચાવી તો નથી જ શકતો !

**(ડ)**

દેવતાઓ તમારા મનના ભાવો જાણવાને પણ સક્ષમ નથી. દેવર્ષિ નારદ હિમાલયની ગુફામાં તપ કરતા હતા. દેવતાઓના રાજા ઇન્દ્રને શંકા થઈ કે નારદજી તપસ્યા કરી એનું ઇન્દ્ર-પદ પડાવી લેશે. હવે, દેવતાઓના રાજાને એટલી પણ સમજ ન પડે કે નારદજી શા માટે તપ કરે છે ! આવા દેવતાઓ શું તમારી મનોકામના પૂરી કરી શકે ખરા ?

**(ચ)**

ભાગવત્ પથમાં જો કોઈ અડચણરૂપ હોય તો તે દેવતાઓ છે. માત્ર નારદ જ નહિં કોઈ પણ સાધના પથમાં અગ્રેસર થવા જાય છે, દેવતાઓ એને એ પથમાંથી ચ્યૂત કરવા કટિબદ્ધ થાય જ છે. સાધારણ મનુષ્યને પણ આ દેવતાઓ આ માર્ગે જવા દેતા નથી.

**इन्द्री द्वार झरोखा नाना । तहँ-तहँ सुर बैठे करि थाना ॥**
**आवत देखहिं विषय बयारी । ते हठि देहिं कपाट उधारी ॥**

ઇન્દ્રિયોના દ્વાર હૃદયરૂપી ઘરમાં અનેક બારીઓ છે. પ્રત્યેક વાતાયન-બારી પર દેવતા અડ્ડો જમાવી બેઠા હોય છે. જેવી વિષય વાસનારૂપી હવા આવતી દેખાય કે આ દેવતાઓ આ બારીના દરવાજા ખોલી નાખે અને વ્યક્તિ આ વિષય વાસનામાં ડૂબી જાય. ઇન્દ્રિયોને અને એના દેવતાઓને મનુષ્યને જ્ઞાન પ્રાપ્ત થાય તે ગમતું નથી. આ લોકોને તો તમારે લડત આપવાની છે. આ વિકારો જ અવરોધો છે. તમે જો એની

પૂજા કરો છો તો એનો અર્થ એ થયો કે તમે વિકારોની પૂજા કરો છો, અવરોધોને આરાધો છો. અવરોધોને તો હટાવવા જ જોઈએ ને ?

**विषय करन सुर जीव समेता । सकल एक से एक सचेता ॥**
**सबकर परम प्रकाशक जोई । राम अनादि अवधपति सोई ॥**

વિષયો, ઈન્દ્રિયો, એમના દેવતાઓ અને જીવાત્મા આ બધા જ (ઊતરતા ક્રમે) એકબીજાની સહાયથી ક્રિયાશીલ બને છે. આ સર્વેના ઉપર જે પરમ પ્રકાશક છે તે અનાદિ અવધપતિ રાજા છે. દેવતા પણ જેમનો પ્રકાશ લઈ પ્રકાશિત થાય છે તેવા જ મૂળ પરમાત્માનું તમે ચિંતન કરો !

**(૭)**

દેવતાઓ ત્રિકાળજ્ઞાની પણ નથી હોતા. રામ-રાવણ યુદ્ધના સંદર્ભમાં આપણે આ વાત જોઈએ. યુદ્ધ ભયંકર રીતે ચાલી રહ્યું હતું. રાવણ પરાજિત થવાનો જ હતો અને એનો અંતકાળ નજીક જ હતો. દેવતાઓ પણ આ યુદ્ધ જોઈ રહ્યા હતા. એ કોઈનાય પક્ષમાં નહોતા. એ લોકો **'विकल बोलहि जय जये'** - 'જય હો, જય હો'ના નાદ કરી રહ્યા હતાં. શું ખબર કોની જીત થાય ? 'રામનો જય થાવ' એમ કહેવામાં ડર હતો. રામનો વિજય હવે નિશ્ચિત જ છે એમ જણાયું ત્યારે દેવરાજે યુદ્ધના છેલ્લા દિવસોમાં પોતાનો રથ મદદ અર્થે મોકલ્યો. રાવણનું મૃત્યુ થયું કે તરત જ 'સદા સ્વાર્થી' દેવતાઓ પહોંચી ગયા, એમના પિતામહ પણ આવ્યા અને કહેવા લાગ્યા -

**कृतकृत्य विभो सब बानर ए । निरखंति तवानन सादर ए ॥**
**धिक जीवन देव सरीर हरे । तव भक्ति बिना भव भूलि परे ॥**

'પ્રભો આ વાનરો કૃતકૃત્ય છે, જે આપના મુખારવિંદના દર્શન કરી રહ્યા છે. અમને દેવતાઓને ધિક્કાર છે. અમારા જીવનને ધિક્કાર છે જે આપની ભક્તિ વગર આ ભવમાં ભૂલા પડ્યા છીએ !' જે પોતે જ માર્ગ ભૂલેલા હોય એ તમને શું પંથ બતાવવાના હતા ? દેવતાએ કહ્યું,

**भव प्रवाह संतत हम परे । अब प्रभु पाहि सरन अनुसरे ॥**

જે પોતે જ પ્રવાહમાં તણાઈ રહ્યો છે એ તમને કેવી રીતે તારવાનો છે ? એને પોતાને જો ખબર હોત તો પોતે જ પાર ન ઊતરી જાત ?

જે સ્વયં ભવ-પ્રવાહમાંથી બચવા માટે ત્રાહિ-ત્રાહિ કરી રહ્યો છે અને 'અમને પાર ઉતારી દો' એમ વીનવી રહ્યો છે. એ તમને શું પાર ઉતારી શકશે ? એ તો તમારી પીઠ પર ચઢી જશે અને કદાચ, પાર ઊતરી જશે, પરંતુ તમે તો કયે ઘાટ જઈ અટકશો ? એટલે દેવતાઓ પણ જેનું શરણ શોધે છે એ જ ભગવાનનું શરણ તમે પકડો. જે દેવતા પોતે જ એમના દુ:ખમાં ફસાયા છે એ તમને તો શું મદદરૂપ થવાના હતા ?

**(જ)**

ગોસ્વામી તુલસીદાસજીએ દેવતાઓનું સમર્થન ક્યાંય પણ નથી કર્યું. વિનયપત્રિકામાં કહે છે, **'माया विवश बिचारे'** એ લોકો તો માયા દ્વારા વિવશ છે, બિચારા છે ! એમની પાસે કોઈ જ ઉપાય નથી તો તમે ઉપાય શોધવા એમની પાસે ક્યાં જાવ છો ! દેવતા તમારા ઇષ્ટ ન થઈ શકે !

**(ઝ)**

દેવતાઓનાં પરાક્રમો કેટલાં છે ? ગોસ્વામીજીએ 'માનસ'માં જગ્યાએ જગ્યાએ એનું ચિત્ર આંક્યું છે –

**रावण आवत सुनेऊ सकोहा । देवन्ह तकेऊ मेरू गिरि खोहा ॥**

રાવણ ક્રોધિત થઈ ગયો છે અને આવે છે, એટલું સાંભળીને જ (લડવાની વાત તો દૂર રહી, ક્રોધિત થઈ આવી રહ્યો છે, એટલું માત્ર સાંભળીને જ) **'देवन्ह तकेऊ मेरू गिरि खोहा'** - દેવતાઓ મેરુ પર્વતની ગુફાઓમાં છુપાઈ ગયા. દેવતાઓ ભાગી ગયા, પણ દેવીઓનું શું ? એ ક્યાં ભાગે ? રાવણે એ સમસ્ત દેવીઓને પોતાના પુષ્પક વિમાનમાં બેસાડી દીધી.

**देव यच्छ गंधर्व नर, किन्नर नाग कुमारि ।**
**जीति बरी निज बाहुबल, बहु सुन्दर वर नारि ॥**

પોતાના બાહુબળથી એણે બધાને જીતી લીધી-બંદી બનાવી દીધી અને નિશાચરોમાં વહેંચી દીધી. નિશાચરોને દેવલોક જેવા સુખ અને ઉપભોગની વ્યવસ્થા કરી આપી અને આનંદિત કર્યા. દેવતાઓએ જ્યારે કહ્યું કે એમના પરિવારને તો રાવણે કેદ કરી લીધો છે એટલે નીચી મૂંડીએ રાવણ પાસે લંકામાં ગયા, કારણ કે પરિવાર વગર જીવાય તો

કેવી રીતે ? રાવણે એ લોકોને નોકર-ચાકરના રૂપમાં એની સેવામાં રોકી લીધા. **कर जोरे सब दिसिप विनीता । भृकुटि विलोकहिं सकल सभीता ॥** બધાં જ હાથ જોડીને વિનીત ભાવથી ઊભા હતા અને ભ્રૂકુટિ તરફ જોઈ ભયભીત થતા હતા કે ક્યાંક રાવણ નારાજ ન થઈ જાય, આપણી ક્યાંક કોઈ ભૂલ ન થઈ જાય.

**रवि ससि पवन वरून धनधारी । अगिनी काल जम सब अधिकारी ॥**

સૂર્ય, ચંદ્ર, અગ્નિ, યમરાજ, કુબેર અને અન્ય દેવતાઓ અને એના અધિકારીઓ રાવણની આજ્ઞાનું પાલન કરતા હતા. એનાથી ડરતા હતા અને પ્રત્યેક દિવસે આવી એને નમન કરતા હતા. જે રાવણ સમક્ષ પહોંચી નહોતો શકતો એ એના ઘરેથી જ પ્રાર્થના કરી લેતો હતો કે જેથી એની કોઈ ફરિયાદ ન કરે ! આવી રીતનું તો દેવતાઓનું જીવન હતું અને છતાંય આપણે એની પૂજા કરીએ છીએ !

**(ગ)**

જ્યાં દેવતાઓની સહાય માટે પ્રાર્થના કરવામાં આવી ત્યારે શું હકીકત બની એ વાત પર પણ થોડો વિચાર કરીએ. એ સમયે દેવતાઓએ શી સહાય કરી તે આપણે જોઈએ. નિશાચરોનાં ત્રાસથી પીડાયેલી પૃથ્વી ગાયનું રૂપ ધારણ કરી એકવાર દેવતાઓ સમક્ષ ઉપસ્થિત થઈ. અને કહ્યું, 'મારી રક્ષા કરો !' દેવતાઓએ જવાબ આપ્યો, 'અમે તારું દુઃખ કે કષ્ટ દૂર કરવા અસમર્થ છીએ !' પછી પૃથ્વી દેવતાઓ, મુનિઓ, ગંધર્વો ઈત્યાદિ સાથે દેવતાઓના પિતામહ બ્રહ્મા પાસે ગઈ. બ્રહ્માએ આ બધાના આગમનનું પ્રયોજન જાણી લીધું અને મનમાં વિચારી પણ લીધું કે આમાં એમનો પણ ગજ વાગવાનો નથી, એટલે કહ્યું, 'તું જેની દાસી છે, એ અવિનાશી છે. એનો ક્યારેય વિનાશ નથી થતો. એ અજર, અમર, શાશ્વત અને અમૃતસ્વરૂપ છે. તું એમની જ પ્રાર્થના કર. એ જ તને અને અમને, બધાંને જ સહાય કરશે !'

હવે સવાલ એ ઉપસ્થિત થાય છે કે એ પરમાત્માને શોધવો ક્યાં ? **'पुर वैकुण्ठ जान कह कोई । कोउ कह पयनिधि बस प्रभु सोई ॥'** કોઈ એને કહેતું હતું, 'તું વૈકુંઠ જા !' તો વળી કોઈ કહેતું હતું, 'ભગવાન તો ક્ષીરસાગરમાં રહે છે, તેથી તું ત્યાં જા !' આ બધા

સાથે શંકરજી પણ હતા, પણ એમને બોલવાનો કોઈ મોકો જ આપતું નહોતું. કોઈક રીતે એમને એક વચન બોલવાની તક મળી, **'अवसर पाइ वचन एक कहेऊँ'** - તો એમણે કહ્યું -

**हरि व्यापक सर्वत्र समाना । प्रेम ते प्रकट होहिं मैं जाना ।।**
**अग जग मय सब रहित विरागी । प्रेम ते प्रभु प्रगटइ जिमि आगी ।।**

ભગવાન શંકરે તો જે એમણે અનુભવ્યું હતું તે જ કહ્યું, 'ભગવાન કણ-કણમાં સમાનરૂપે વ્યાપ્ત છે. સંપૂર્ણ હૃદયથી મનને સમેટી લઈને એના શરણે જાવ, એ તરત જ દર્શન આપશે !' શંકરજીની વાત બધાને ગળે ઊતરી ગઈ. બ્રહ્માએ પણ સમર્થન આપ્યું. આ વિધિ મુજબ સ્તુતિ થઈ કે તરત આકાશવાણી થઈ, 'તમારા લોકોના દુઃખ અમે દૂર કરીશું !'

આ સમસ્ત પ્રકરણમાં તમે જોયું હશે કે દેવતાઓએ ન તો કોઈ નિર્ણય આપ્યો, ન તો કોઈ સહાય કરી ! જેને ભગવાનનું ચિંતન કયા પ્રકારે થાય એનું પણ જ્ઞાન નથી એ તમને કેવી રીતે માર્ગ દર્શાવી શકે ? પરમ કલ્યાણનો પંથ જ જેને ખબર નથી એ તમારું તો શું કલ્યાણ કરી શકે ?

તો વાંક કોનો ? આપણે તો એકની એક વાત જ કર્યા કરીએ છીએ. આનાથી અધિક જડતા કઈ હોય ? આ જડતાનું ઉદ્‌ગમ સ્થાન કયું ? આમાં દોષ કોનો ? શું આપણે દોષિત છીએ ? ના, જરા પણ નહીં. આપણો દોષ છે જ નહીં ! આ તો આપણને વારસામાં મળેલી રીત છે. શિશુ અવસ્થાથી જ માતાઓને, પડોશીઓને, ભાઈભાંડુઓને, કોઈ ને કોઈ પ્રકારની પૂજા કરતાં જોઈએ છીએ. બાળકના મનમાં આ વાત જકડાઈ જાય છે. નાનપણથી જ આપણા મનમાં અને મગજમાં આ પૂજા-પદ્ધતિ ઘર કરી જાય છે. અને તેથી વારંવાર, લાખો વખત સમજાવવાથી પણ આ વાત ભૂંસાતી નથી. આ છાપ ભૂંસવા પણ નથી માગતા. ઘણીયવાર માતાજીઓ અબુધ બાળકને ધૂપ-અગરબત્તી સળગાવી, પૂજાપો આપી, કોઈ પીપળાની નીચે અથવા કયાંક બીજે સ્થળે બેસાડી દે છે અને આજ્ઞા કરે છે, 'હાથ જોડ, માથું નમાવ, આ પરમ બાબા છે', 'ગ્રામ દેવતા છે', 'એમને પગે લાગ !' બાળકના કોમળ અને નિર્મળ ચિત્ત પર શરૂઆતથી જ આ જાતના સંસ્કાર પડે છે અને પછી

આજીવન એનો પિંડ છોડતા નથી. નાનપણથી જ એનામાં આવું ભયનું વાતાવરણ ભરી દેવામાં આવે છે જે જીવનપર્યંત એના મનમાં ઘર કરી રહે છે. એકાંતમાં, અંધારામાં જતાં ડરે છે. પાંદડું ખખડે તોય ડરે છે. દસ-પંદર દેવી દેવતાઓનાં નામ એને બાળપણથી જ રટવાનું કહેવામાં આવે છે, અને એ આ નામ જીવનભર રટ્યા કરે છે. સમય જતાં, કદાચ, જો આ નામ રટણ છોડી પણ દે તોપણ એનાં મનમાં કોઈને કોઈ પ્રકારની શંકા તો રહ્યા જ કરશે. માતા-પિતા પ્રત્યે મારું આ નિવેદન છે કે એમનાં બાળકોને આવા અંધકારમય ભવિષ્યમાં ન ભટકાવે !

**(૮)**

સીતા માતાને પણ આ જ પ્રકારે દેવી-દેવતાઓની પૂજા કરવાનું કર્મ વારસામાં મળ્યું હતું. **'गिरिजा पूजन जननि पठाई ।'** સીતા ત્યાં જતાં આવતાં હતાં. સ્વયંવરનું આયોજન ચાલી રહ્યું હતું. એક દિવસ સીતાજી ગિરિજાનું પૂજન કરીને પાછા આવતાં હતાં ત્યારે એ જ ઉપવનમાં એમણે રામજીને જોયા અને એમની દૃષ્ટિમાં છવાઈ ગયા. પૂજા તો સમાપ્ત થઈ ચૂકી હતી, છતાં પણ એ ફરીથી ગિરિજાદેવી પાસે ગયા અને હાથ જોડી બોલ્યા, 'મા, આજ સુધી જે મેં તારી સેવા કરી છે એનાથી પ્રસન્ન થઈ મને આ જ શામળા દેહવાળો વર આપવાની કૃપા કરજે !'

પાર્વતીજીએ પોતાના તરફથી કોઈ આશીર્વાદ આપ્યા નહીં. અવાજ સંભળાયો **'नारद वचन सदा सुचि साचा । सो वर मिलिहि जाहि मन राचा ।।'** દેવર્ષિ નારદ જે ગુરુ હતા, એમનું વચન સત્ય છે, નિર્દોષ છે ! એ જ વર તને મળશે, જેમાં તારું મન રમમાણ છે !' દેવર્ષિ નારદે એકવાર સીતાને કહ્યું હતું એ જ વાતની પાર્વતીએ યાદ અપાવી દીધી. સીતાજીને ઘણું સારું લાગ્યું.

ધનુષ્ય-યજ્ઞના સ્થળ પર જ્યારે સીતાજી પહોંચ્યાં અને આટલું વિશાળ ધનુષ્ય જોયું જેના પર બાણ ચઢાવવામાં દસ હજાર રાજાઓ નિષ્ફળ ગયા હતા તેના પર આ સુકુમાર કેવી રીતે બાણ ચઢાવશે એ વિચારે ચિંતાગ્રસ્ત થઈ ગયાં. દેવી-દેવતાઓની પ્રાર્થના કરવા લાગ્યા.

**तब रामहिं विलोकि वैदेही । सभय हृदय विनवत जेहि तेही ।।**

જે પણ એમને યાદ આવ્યા, નાનાથી મોટા, બધા જ દેવી-

દેવતાઓને એમણે યાદ કર્યાં. જેમકે **'होहु प्रसन्न महेश भवानी ।''** - શંકરજીને મનાવવા લાગ્યા, એમને છોડીને ભવાનીને પ્રાર્થના કરવા લાગ્યા. એમની પાસેથી તો વરદાન માગ્યું હતું. ભવાની પર પણ ચિત્ત ન ટક્યું. **'गननायक वरदायक देवा । अजा लगि कीन्हिउँ तव सेवा ॥'** - આજદિન સુધી તમારી ખૂબ સેવા કરી છે, તમે જ ધ્યાન રાખજો ! મારી વિનંતી સાંભળો અને ધનુષ્યની ચાંપ હલકી કરી નાખો ! **'सुर मनाव धरि धीर'** - લગભગ બધાં જ દેવી-દેવતાઓને ખુશ કરવા પ્રાર્થી રહ્યાં. આ કોઈ કંઈ સાંભળતું નથી તો ધનુષ્યને પણ પ્રાર્થના કરી લીધી, 'હવે તો ધનુષ્ય દેવ, તમારા પર જ શ્રદ્ધા છે. તમે જ આપોઆપ હલકા થઈ જાવ, પણ હમણાં નહિ, નહીંતર તો કોઈ પણ રામ બાણ ચઢાવી શકશે. જ્યારે તમે રામને આવતા જુઓ કે તરત હલકા થઈ જજો !''

ક્યાંયથી પણ સફળતા મળશે નહી એવી જ્યારે એમને ખાતરી થઈ ત્યારે એમણે બધાં દેવી-દેવતાઓને વિસારે પાડી દઈ માત્ર એક પરમાત્મા પર શ્રદ્ધા સ્થિર કરી, એવા પરમાત્મામાં જેનો વાસ પ્રત્યેક હૃદયમાં છે –

**तन मन वचन मोर पनु साँचा । रघुपति पद सरोज चितु राचा ॥**
**तौ भगवान सकल उरवासी । करहि मोहि रघुवर की दासी ॥**

જો મન-કર્મ-વચનથી મારો પ્રેમ સાચો હોય અને રામના ચરણ-કમળમાં નિવાસ કરતો હોય તો મને એ રામની દાસી બનાવી દે ! હૃદયસ્થ એક પરમાત્મામાં શ્રદ્ધા જેવી સ્થિર થઈ કે તુરંત **'कृपा निधान राम सब जाना ।'** - એ અંતર્યામીએ જાણી લીધું કે હવે જે પૂજા થાય છે તે યોગ્યસ્થાને થાય છે. આના પછી સીતાજીને અન્ય કોઈ દેવી-દેવતાઓ પાસે જવાની જરૂરત પડી નહીં. **'तेहि छन मध्य राम धनु तोरा ।'** તે જ ક્ષણે રામે ધનુષ્ય તોડ્યું. સીતાજીને સફળતા મળી. આપણે જે વિવિધ પૂજાઓ કરીએ છીએ તે આપણને વારસામાં મળી છે, પરંતુ સફળતા તો ત્યારે જ મળે છે જ્યારે એક પરમ પરમાત્મામાં શ્રદ્ધા સ્થિર થઈ જાય છે !

**(૬)**

બરાબર આવા જ પ્રકારની પૂજા કૌશલ્યામાએ કરી હતી. રામનો રાજ્યાભિષેક થવાનો છે એ સમાચાર સાંભળી એ આનંદવિભોર થઈ

ગયાં હતાં. સીધાં જ પૂજાઘરમાં પહોંચી ગયાં. **'पूजी ग्राम देवी सुर नागा । कहेउ बहोरि देन बलि भागा ।।'** એમણે ગ્રામ દેવી-દેવતાઓની અને નાગોની વિશાળ આયોજન રચી પૂજા કરી. પૂજન ખૂબ ધામધૂમથી કર્યું. એમણે બલિ ચઢાવવાનો પણ નિર્ણય કર્યો અને માનતા રાખી કે મારું જો કામ સિદ્ધ થઈ જશે તો તમને બધાને બલિ ચઢાવીશ !'

અત્યાર સુધી દેવતાઓને આ રાજ્યાભિષેકના સમાચાર મળ્યા નહોતા. ગ્રામ દેવી-દેવતાઓની પૂજા થઈ અને કૌશલ્યા દ્વારા ખબર પડી તો તેમણે અન્ય દેવતાઓને સમાચાર આપ્યા અને દેવતાઓએ આ વાત ઇન્દ્રને કહી. એ બધા જ તાબડતોબ સરસ્વતી પાસે ગયા –

**सारद बोलि विनय सुर करहीं । बारहिं बार पायँ लै परहीं ।।**
**विपति हमारि बिलोकि बड़ि, मातु करिअ सोइ आजु ।**
**राम जाहिं बन राजु तजि, होइ सकल सुर काजु ।।**

'હે માતા, અમારા પર બહુ મોટી વિપત્તિ આવી પડી છે. તમે કંઈક એવું કરો કે રામ વનમાં જાય અને અમ દેવતાઓનું કામ થઈ જાય !' પ્રાર્થનાપત્ર તો કૌશલ્યાએ આપ્યો હતો જેથી એમનું કાર્ય પૂર્ણ થાય ! પરંતુ દેવતાઓ વચમાં આવ્યા અને કહ્યું, 'અમારું કામ કરી આપો !' કૌશલ્યાજીને કર્મને હવાલે છોડી દો, તમે તો આપણા દેવતાઓનું હિત ધ્યાનમાં લો !'

સરસ્વતીએ કહ્યું, 'કોઈ સારા કામમાં વિઘ્ન નાખવાનું કહે તો. તમને શરમ નથી આવતી ? રામને વનમાં મોકલી આપવાથી એમને કેટલું કષ્ટ થશે તે જાણો છો ? અવધપુરી અનાથ થઈ જશે ! અને લોકો મને શું કહેશે ?' દેવતાઓ વિનંતી કરતા જ રહ્યા. **'जीव करम वश सुखदुख भागी । जाइअ अवध देव हित लागी ।।'** અયોધ્યાના લોકોની ચિંતા તમે શું કામ કરો છો ? એ તો માનવજીવ છે. એમના કર્મ અનુસાર એ સુખ-દુ:ખ ભોગવતાં જ રહેવાના છે. એ એમને ભોગવવા દો. અને તમે દેવતાઓના હિત માટે (કૌશલ્યાજીના હિત માટે તો નહીં) તમે કૌશલપુર જાવ !' હવે જુઓ, કૌશલ્યાજીએ દેવતાઓની પૂજા કરી અને એ જ દેવતાઓએ એમની વિરુદ્ધ કાવતરું કર્યું. આવા દેવતાઓ પાસેથી કોઈ શું આશા રાખે ? તમારે તો એની જ પૂજા કરવી જોઈએ જેના પરમ પરમાત્મા છે અને એની પૂજા પર જ ગોસ્વામીજીએ ભાર

મૂક્યો છે જેનું નામ લેવાથી **'मेटत कठिन कुअंक भाल के'** જેની આરાધનાથી કર્મોના બંધન છૂટી જાય એને જ શરણે જવું જોઈએ.

સરસ્વતી જ્યારે આનાકાની કરવા લાગ્યા ત્યારે દેવતાઓ એમને ચરણે પડ્યા. **'बार बार गहि चरन संकोची । चली बिचारि बिबुध मति पोची ॥'** સરસ્વતી સંકોચમાં પડી ગયાં. એમને વારંવાર એ જ વિચાર આવવા લાગ્યો કે દેવતાઓને આવી ખોટી મતિ ક્યાંથી સૂઝી ? **'ऊँच निवासु नीचि करतूती । देखि न सकहि पराइ बिभूति ॥'** એમનો નિવાસ બહુ ઊંચો પણ એમની વિચારસરણી ઘણી નીચી-ઘણી ખોટી ! આ લોકો કોઈનુંય સુખ નથી જોઈ શકતા !' આ દેવતાઓમાં આટલી ઈર્ષ્યા હોય, અસૂયા હોય તેને આદર્શ માની શકાય ?

**हरषि हृदय दशरथ पुर आई । जनु ग्रह दशा दुसह दुखदाई ॥**

દેવતાઓની માતા સરસ્વતી અયોધ્યામાં આવી રહ્યાં હતાં. કેવું નસીબ હતું અયોધ્યાવાસીઓનું, પરંતુ ગોસ્વામીજી કહે છે, **'जनु ग्रह दशा दुसह दुखदाई'** - જાણે દુ:ખનો પહાડ તૂટ્યો !' એમ કહેવાય છે કે શનિ સહુથી વધારે ખરાબ અને દુષ્ટ ગ્રહ છે. એ સાડાસાત વર્ષ સુધી દુ:ખ આપે છે, પરંતુ સરસ્વતી તો ચૌદ વર્ષ સુધી દુ:ખ આપતી ગઈ. રામનું એ શું કલ્યાણ કરવાનાં હતાં ? રામ પોતે જ કલ્યાણસ્વરૂપ હતા. એ તો દેવતાઓનું કલ્યાણ પણ કરવાને આવ્યા હતા. પૂજા કરી કૌશલ્યાજીને એમને ફળ શું મળ્યું ? તો કહે, જીવનભરનું વૈધવ્ય અને દુ:ખ !

**नाम मन्थरा मन्दमति, चेरि कैकई केरि ।**
**अजस पेटारि ताहि करि, गई गिरा मति फेरि ॥**

મંથરા નામે એક મંદબુદ્ધિવાળી દાસી હતી. સરસ્વતી એના મસ્તિષ્કમાં પ્રવેશ્યાં અને એની બુદ્ધિ ભ્રષ્ટ કરી. તમે જાણી લો કે બુદ્ધિમાન અને વિવેકી લોકો પર આ દેવી-દેવતાઓનો કોઈ પ્રભાવ નથી પડતો. માત્ર જે લોકોની બુદ્ધિ મંદ હોય છે તેઓ જ તેમની પકડમાં આવી જાય છે !

દેવી-દેવતાઓનું આવું જ ચરિત્ર જ્યારે ભરતજી શ્રીરામને મળવા અને પાછા લઈ આવવા ચિત્રકૂટ જાય છે. દેવતાઓ તો એવો પ્રયાસ કરે છે કે રામ અને ભરતનો મેળાપ જ ન થાય. એમનાં કુત્સિત ચરિત્રની

પરાકાષ્ઠા તો જ્યારે રામ-ભરતનો સંવાદ યોજાય છે તે અવસર પર દેખાઈ જાય છે. માનસકાર કહે છે, "**मधवा महा मलीन, मुए मारि मंगल चहत ।**' ઇન્દ્ર એટલો મલિન છે કે પહેલાંથી જ દુઃખી અયોધ્યા અને જનકપુરની પ્રજાને ઓર વધુ દુઃખ આપે છે, જાણે પડતાંને પાટુ મારતો ન હોય અને પોતાનું મંગળ વાંછતો ન હોય !

**कपट कुचालि सींव सुरराजू । पर अकाज प्रिय आपन काजू ॥**
**काक समान पाक रिपु रीती । छली मलीन कतहुँ न प्रतीती ॥**

દેવરાજ ઈન્દ્ર કપટ અને કુઆચારની સીમા છે. એને બીજાના દુઃખમાં અને પોતાના લાભમાં જ સુખ મળે છે. આવા દેવતાઓ પાસેથી તમને લાભ મળે ખરો ? આ સભામાં દેવતાઓએ ખરાબ વિચારો, કપટ, ભય અને ઉચાટ ઈત્યાદિનો પ્રવાહ મોકળો મૂકી દીધો. આ તો એમની દેવમાયા છે. અને તમને પણ આવા જ ગુણો એમની પાસેથી શીખવા મળે ! આ દેવમાયાના શિકારમાં કોણ-કોણ ફસાયા ?

**भरत जनकु मुनिजन सहित, साधु सचेत बिहाइ ।**
**लागि देवमाया सबहि, यथा जोग जनु पाइ ॥**

ભરતજી, જનક, મુનિઓ, સાધુ-સંત અને બુદ્ધિમાન લોકો સિવાય અન્ય બીજાઓ પર જે જેટલાં બુદ્ધિ વગરના હતા તે બધાં પર આ માયાજાળ ફેલાઈ ગઈ. આનાથી પ્રતીત થાય છે કે માત્ર મંદબુદ્ધિવાળાઓ પર દેવતાઓનો પ્રભાવ ઘણો પડે છે.

સરસ્વતી મંથરા પાસે ગયાં તો મંથરાને શું મળ્યું ? સરસ્વતીની કૃપા દ્વારા જ મંથરાની બુદ્ધિ વિકૃત થઈ ગઈ હતી. એ ફાવે તેમ વિચારવા લાગી. ષડ્યંત્રની સૂત્રધાર બની અને અંતે અપમાનિત થવું પડ્યું.

**कूबर टूटेउ फूट कपारू । दलित दसन मुख रूधिर प्रचारू ॥**

એનું કૂબડાપણું બેવડાઈ ગયું, કપાળ ફાટી ગયું, દાંત તૂટી પડ્યા, મોંમાંથી લોહી પડવા લાગ્યું. આટલાથી પણ એની દુર્દશાનો અંત ન આવ્યો એના વાળથી પકડી એને ઘસડી. જેની જીભ પર સરસ્વતીનો વાસ થાય તેનું તો સન્માન થાય, પણ આ તો એવી અભાગણ નીકળી કે આ પ્રસંગ પછી સંપૂર્ણ રામાયણમાં એનો ક્યાંય ઉલ્લેખ નથી. એટલું જ નહિ, આજદિન સુધી કોઈ મા-બાપ પોતાની કન્યાનું નામ મંથરા

પાડતું નથી. મંથરા તો એક પ્રતીક છે. જે દેવી-દેવતાઓની પૂજામાં મગન રહે છે તેવા લોકોની પ્રતિનિધિ છે. એનું ચરિત્ર નિર્માણ કરી ગોસ્વામીજી તમને શું સંદેશ આપે છે ? તમે શું ક્યારેય વિચાર કર્યો છે કે પૂજનીય કોણ છે ?

**(ડ)**

રામચરિતમાનસમાં સરસ્વતીનો પ્રયોગ ત્રણ અવસરો પર કરવામાં આવ્યો છે. એક તો આપણે જોયો તે મંથરા પ્રસંગ વખતે. બીજા પ્રસંગે દેવતાઓ ભરતની બુદ્ધિ વિકૃત કરવાની પ્રાર્થના કરે છે ત્યારે આવે છે. આમ કરવાથી દેવતાઓનો સ્વાર્થ પોતે સુખી રહે એટલો જ હતો, પરંતુ સરસ્વતી ગુસ્સે થઈ ગયાં. એમણે ઇન્દ્રને કહ્યું, 'તને હજાર આંખો છે છતાં તને સુમેરુ પર્વત નથી દેખાતો ? ભરતની અંદર કયો સુમેરુ પર્વત હતો ?' **'भरत हृदय सियराम निवासू । तहँ कि तिमिर जहँ तरनि प्रकासू ॥'** જ્યાં સૂર્યનો પ્રકાશ સારી રીતે ઝળાહળાં થતો હોય ત્યાં ક્યારેય અંધકાર હોઈ શકે ? તો ભરતમાં કયો પ્રકાશ છે ? ભરતના હૃદયમાં રામ અને સીતાનો નિવાસ છે, એનો પ્રકાશ છે. ત્યાં સરસ્વતીનું કપટ કે એમની ચતુરાઈ થોડી ચાલે ? દેવતા અંધકાર છે, પરમાત્મા પ્રકાશ છે. એક વાતની હંમેશ પ્રતીતિ થાય છે કે જેના હૃદયમાં ભગવાનનો નિવાસ છે એનું દેવતાઓ કોઈ અહિત નથી કરી શકતા ! એટલે જ મન-કર્મ-વચનથી તમે એક પરમાત્મા પ્રત્યે જ સમર્પિત થઈ જાવ ! તમે જો પ્રભુને હૃદયથી જોશો તો હૃદયના સ્વામી પણ તમને જોશે, તમારી રક્ષાની જવાબદારી તેને શિરે હશે અને તમારો હાથ એના હાથમાં ધરી રાખશે !

ત્રીજો અવસર છે જ્યારે સરસ્વતી કુંભકર્ણ પાસે જાય છે ! કુંભકર્ણની તપશ્ચર્યા પર બ્રહ્માજી સંતુષ્ટ થયા અને એને વરદાન આપવા એની પાસે ગયા. બ્રહ્માએ વિચાર કર્યો, 'આ દુષ્ટ કંઈ પણ ન કરે, માત્ર બેસીને ખાધા જ કરે તોપણ આ સંસાર ઉજ્જડ થઈ જશે !' એટલે **'सारद प्रेरि तासु मति फेरी । मागेसि नींद मास षट् केरी ॥'** સરસ્વતીને બોલાવવામાં આવ્યાં, એની બુદ્ધિ ભ્રષ્ટ કરાવી અને છ મહિનાની ઊંઘનું વરદાન મંગાવ્યું ! કુંભકર્ણમાં સરસ્વતીનો પ્રવેશ એના મૃત્યુનું કારણ બન્યો. દેવતાઓની પૂજાથી કેવું અને કોનું કલ્યાણ થયું છે ?

(૭)

વર્તમાન સમયમાં સમસ્ત દેવતાઓમાં ત્રણ દેવતા અધિક શ્રેષ્ઠ માનવામાં આવે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ! મહારાજ મનુ ઘર-સંસાર છોડીને તપશ્ચર્યા કરવા નૈમિષારણ્ય પહોંચ્યા અને ચિંતન કરવા લાગ્યા. એમનું લક્ષ્ય શું હતું ? એ કોના ઉપાસક હતા ? એ મનમાં ને મનમાં વિચાર કરી રહ્યા હતા. **'विष्णु विरंचि शंभु भगवाना । उपजहिं जासु अंश ते नाना ॥'** એ ભગવાન જેના અંશમાત્રથી અનેક બ્રહ્મા, વિષ્ણુ અને શંકર ઉદ્ભવ પામે છે, **'ऐसेऊ प्रभु सेवक वश अहई'** એવા ભગવાન પણ સેવકના વશમાં હોય છે, સેવક માટે ઉપલબ્ધ રહે છે, તો હું હવે એમની સાધના કરીશ. એ મારી અભિલાષા પૂર્ણ કરશે ! મનુ ચિંતનમાં લાગી ગયા. સાધનામાં વેગ આવ્યો, સાધના સુદઢ થવા લાગી અને ત્યાં જ દેવતાઓ પહોંચી ગયા -

**विधि हरि हर तप देखि अपारा । मनु समीप आये बहुबारा ॥**
**माँगहु वर बहु भाँति लुभाये । परमधीर नहिं चलहिं चलाए ॥**

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને બધાં જ લોકો પહોંચી ગયા. મનુને જો પહેલેથી ખબર ન હોત તો એ પણ ભટકી જાત ! એમને ખબર હતી કે આવા અનેક બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ તો ભગવાનના અંશમાત્ર છે. એટલે મનુએ એમના પ્રત્યે કોઈ ધ્યાન આપ્યું જ નહીં. એમનું સ્વાગત પણ ન કર્યું. એમ પણ ન કહ્યું, 'હે દેવ, મારું અહોભાગ્ય કે તમે લોકોએ દર્શન આપ્યા !' પણ આ દેવતાઓય એવાં નફ્ફટ હતા કે ફરીફરી એ મનુ પાસે પહોંચી જતા. વિઘ્ન નાખવું એ જ એમનું ધ્યેય હતું. એ મનુનું કલ્યાણ કરવા નહોતા ગયા, કંઈ પ્રદાન કરવા નહોતા ગયા, એમને પ્રલોભન આપવા ગયા હતા. **'काम क्रोध लोभादि मद, प्रबल मोह के धारि'** - મોહનીસેના હતી એટલે મનુએ એ તરફ ધ્યાન આપ્યું જ નહીં. ચિંતન ચાલુ જ રાખ્યું. **'अस्थिमात्र होइ रहे सरीरा । तदपि मनाग मनहिं नहिं पीरा ।'** એક હાડપિંજર જેવું શરીર થઈ ગયું છતાં મનમાં લેશમાત્ર પીડા નહોતી. એ પ્રસન્ન હતા. એમની લગની સારી રીતે રહી, ચિંતન સંતોષજનક ચાલવા લાગ્યું.

ભગવાનને પ્રતીતિ થઈ ગઈ કે મનુ મહારાજ મન-કર્મ-વચન

દ્વારા મારા આશ્રિત છે. એમનું મન સમેટાઈ ગયું છે. એમણે આકાશવાણી દ્વારા કહ્યું : 'વરદાન માગો !' વરદાન માગવાનું કહ્યું તો મનુ મહારાજે કહ્યું :

**जो स्वरूप बस शिव मन माहीं । जेहि कारन मुनि जतन कराहीं ॥**
**जो भुशुण्डि मन मानस हंसा । अगुन सगुन जेहि निगम प्रशंसा ॥**
**देखहिं हम सो रूप भरि लोचन । कृपा करहु प्रनतारति मोचन ॥**

મનુ શંકરજીના દર્શનથી સંતુષ્ટ નહોતા. એ વારેવારે ઘણીવાર આવ્યા પણ એમની પાસે કંઈ ન માગ્યું. જોકે ભગવાન શિવજી તત્ત્વમાં સ્થિર હતા, તત્ત્વસ્વરૂપ મહાપુરુષ હતા, પૂર્ણ પ્રાપ્તિવાન હતા, પરંતુ માત્ર એમનું દર્શન કરીને જ સંતોષ માનવો, આગળ પંથ ન કાપવો એ ઉચિત નહીં. શંકરજીના હૃદયમાં જે અનુભૂતિ છે એને સ્વયં પ્રાપ્ત કરવી, પોતે સાધના કરવી જ એ મનુનો ઉદ્દેશ હતો. મનુ જાણતા હતા કે આચરણમાં મૂકીને જ પ્રાપ્તિ થાય છે. કોઈ બળવાન સામે હાથ જોડવાથી બળવાન નથી બની શકાતું. વૈદનું દર્શન કરવા માત્રથી રોગ મટી નથી શકતો !

ભગવાન બુદ્ધ પણ એમના શિષ્યોને કહેતા, 'મેં જે તમને ઉપદેશ આપ્યો છે, એના પર જ જો તમે ચાલશો, એનું જ અનુકરણ કરશો તો પણ તમે મારાથી દૂર હોવાં છતાં મારી સમીપ હશો અને જો આચરણમાં નહીં મૂકો તો ભલે મારી નજીક હશો, મારું દર્શન કરતા રહેશો તોપણ તમને કોઈ લાભ નહીં થાય. પાસે હોવા છતાં તમે દૂર જ હશો. એટલે આચરણ કરો !'

મનુ જાણતા હતા કે ભગવાન શંકર સાચા છે, છતાં એમની પાસે કોઈ વરદાન ન માગ્યું, પરંતુ જ્યારે ભગવાને આકાશવાણી દ્વારા વરદાન માગવાનું કહ્યું તો એ જ માગ્યું જે શંકરના હૃદયમાં હતું. **'जेहि कारन मुनि जतन कराहीं'** - જેમને માટે ઋષિ-મુનિઓ પ્રયત્ન કરે છે. આજકાલ કોઈ મુનિ વિન્ધ્યાવાસિનીની પૂજા કરીને એને સિદ્ધ કરે છે. કોઈ વળી હનુમાનજીને પ્રસન્ન કરવા ઝંખે છે, કોઈ યક્ષિણીને સાધે છે. આ બધા મુનિઓ નથી. મુનિ તો એ કહેવાય જે પરમતત્ત્વ પરમાત્મા માટે સાધના કરતો હોય અને એ સાધનામાંથી વિચલિત ન થતો હોય !

મનુએ ઇચ્છા પ્રકટ કરી તો ભગવાન પણ પ્રકટ થયા. **'विश्वास**

**प्रकटे भगवाना** । તો કયા ભગવાન પ્રકટ થયા ?' **'हरि व्यापक सर्वत्र समाना'** - એ ભગવાન જેનું શિવજીએ વર્ણન કર્યું હતું. **'जेहि जाने जग जाई हेराई'** મનુએ જોયું, વિશ્વ સમસ્તમાં ભગવાનનો વાસ દેખાયો ! જ્યાં પણ દૃષ્ટિ પડી, પથ્થરમાં, પાણીમાં, પ્રત્યેક સ્થળે પ્રભુનું સ્વરૂપ છવાઈ ગયું હતું. સ્વયં ખોવાઈ ગયા, વિશ્વ ખોવાઈ ગયું, મનુના જીવ અને સંસ્કાર પણ ખોવાઈ ગયા. જ્યાં પહેલાં વિશ્વ દેખાતું હતું ત્યાં પ્રત્યેક સ્થળે ભગવાન દેખાવા લાગ્યા.

**'ईशावास्यमिदं सर्वं यत् किंच जगत्याम् जगत् ।'**

આવી અવસ્થાને જે જે મહાપુરુષો પામ્યા છે, એ બધાએ આ જ નિર્ણયને ફરી ફરી કહ્યો છે : 'જ્યાં જ્યાં જે કંઈ દેખાય છે, જે જે કંઈ સંભળાય છે ત્યાં ત્યાં સર્વ જગ્યાએ ઈશ્વરનો વાસ છે અને છતાં આપણને દેખાતો નથી. આનું શું કારણ ? **'जेहि जाने जग जाइ हेराई । जागे यथा स्वपन भ्रम जाई ॥'** **'अस प्रभु अछत हृदय अविकारी'** એ રામ માત્ર ભક્તના હૃદયની ચીજ છે. હૃદયની બહાર નથી ! તમારા હૃદયમાં પણ એનો વાસ છે, પરંતુ એ પ્રસુપ્ત છે. એનો પરિચય મેળવવા માટે એક પરમાત્મા શ્રદ્ધા અને એ પરમાત્માને તમારા હૃદયમાં જાગ્રત કરી દે તેવા મહાપુરુષની સાંનિધ્ય પર અપેક્ષિત છે. બહાર નથી તો કોઈ દેવી કે નથી કોઈ દેવતા. બહારની વસ્તુઓ જો પૂજશો તો કલ્યાણ કદાપિ નહિ થાય અને વસ્તુઓ પણ નહીં મેળવી શકો. આ વાત રામાયણ નિશ્ચયપૂર્વક કહે છે.

**(ણ)**

કરોડો દેવી-દેવતાઓ પણ આ જ પરમતત્ત્વ પરમાત્માના અંશમાત્ર છે. કાગભુશુંડિ કહે છે, **'राम काम सतकोटि सुभग तन । दुर्गा कोटि अमित अरि मर्दन ॥'** અબજો કામદેવના સમાન ભગવાન સુંદર છે, કરોડો દુર્ગા સમાન શત્રુઓનો નાશ કરવામાં સક્ષમ છે. **'शारद कोटि अमित चतुराई ।'** અનંત કોટી સરસ્વતી સમાન એ ચતુર છે. **'विधि सतकोटि सृष्टि निपुनाई ।'** અબજો બ્રહ્મા સમાન સૃષ્ટિની રચના કરવામાં નિપુણ છે. **'विष्णु कोटिसम पालनकर्ता । रूद्र कोटिसत सम संहर्ता ।'** પાલન કરવામાં કરોડો વિષ્ણુ સમાન અને સંહાર કરવામાં

અબજો રુદ્ર સમાન છે. કરોડો ઈન્દ્ર જેવું એમનું ઐશ્વર્ય હોય છે. અબજો કુબેર જેટલી એમની ધનસંપત્તિ છે, અને અબજો કામધેનુઓ સમાન એ ઇચ્છિત પદાર્થો આપવા માટે સક્ષમ છે. પરમાત્મા સમક્ષ કરોડો સૂર્ય પણ આગિયા જેવા ભાસે છે અને આપણે સર્વે સૂર્યની પૂજા કરીએ છીએ અને ઈશ્વરને ભૂલી જઈએ છીએ. તમે મૂળને પકડતા નથી અને જે પરમાત્માના આ બધા નગણ્ય અંશમાત્ર છે તેની પૂજામાં વ્યસ્ત રહો છો. **'तुलसी मूलहि सेइये फूलइ फलइ अघाइ ।'** મૂળની સેવા કરશો તો ફળ-વૃક્ષ-પાંદડાં-ફૂલ-કળી આ સઘળાં જ તમારાં છે અને જો પાંદડે પાંદડે ભટકતા રહેશો તો વૃક્ષથી (મૂળ પરમાત્માને) પણ હાથ ધોઈ બેસશો. દેવતાઓમાં, પથ્થરોમાં, પાણીમાં, પશુ અને પક્ષીઓમાં કલ્યાણ મેળવવા માટે તમારો અમૂલ્ય સમય નષ્ટ ન કરો. કોઈનોય ઉપકાર ન લો સ્વયં તમે તમારો ઉદ્ધાર કરો !

**(ત)**

દેવી-દેવતાઓની નહીં, પરંતુ ભરતજી શરૂથી જ શંકરજીની સેવા-પૂજા કરતા હતા. રામનો રાજ્યાભિષેક થવાનો હતો અને અયોધ્યામાં ષડ્યંત્ર રચાવાની શરૂઆત થઈ ત્યારે ભરતજી મોસાળમાં હતા. રાત્રે એમને ભયંકર સ્વપ્નાઓ આવવા લાગ્યાં. મન ચિંતાઓથી ભરાઈ ગયું. આ બધાના શમન માટે **'विप्र जेवाइ देहि दिन दाना । शिव अभिषेक करहि विधि नाना ।।'** ભરતજી બ્રાહ્મણોને ભોજન કરાવતા હતા, દાન કરતા હતા. અનેક પ્રકારથી શંકરજીનો અભિષેક કરતા હતા. **'माँगहिं हृदय महेश मनाई । कुशल मातु पितु परिजन भाई ।।'** હૃદયથી ભગવાન શંકરજીની પ્રાર્થના કરતા હતા અને મનોમન માતા-પિતા અને ભાઈઓ તથા પરિવારજનો કુશળ મંગળ રહે તેથી માનતા માગતા હતા.

પરિણામ શું આવ્યું ? પિતાજી સ્વર્ગલોક સિધાવી ગયા. માતાઓ વિધવા ગઈ થઈ. ભાઈઓ વનમાં ગયા અને સાત દિવસ સુધી જ્યાં સુધી ભરતજી અયોધ્યા નહોતા પહોંચ્યા ત્યાંસુધી કોઈએ રસોઈ પણ કરી નહોતી કે કોઈ જમ્યું નહોતું. આનો અર્થ એમ માનવો કે ભગવાન શિવજીની પૂજા ખોટી હતી ? ના, એમ નહોતું. **'शिव सेवा कर फल सुत सोई । अविरल भगति राम पद होई ।'** આદિગુરુ ભગવાન શિવની

સેવાનું એકમાત્ર ફળ એ જ છે કે રામનાં ચરણોમાં અવિરત ભક્તિ ઉત્પન્ન થઈ જાય ! ભગવાન શિવની કોઈ ભક્તિ કરે તો એમને એનાથી સંતોષ નથી થતો - તૃપ્ત નથી થતા. એમને સંતોષ આપવો હોય તો રામની ભક્તિ કરવી જેથી એમને સંતોષ મળે ! નાની મોટી યાતનાઓ પર ધ્યાન આપ્યા વગર એમણે તો ભરતજીને રાજાના અનન્ય ભક્ત બનાવી દીધા. જે ભગવાન શંકરનું કર્તવ્ય હતું એ એમણે પાર કરી બતાવ્યું. આના પછી તો ભરતજીએ આજીવન માત્ર રામની જ અવિરત પૂજા કરી. આખી જિંદગી સુધી શંકરજીને યાદ પણ ન કર્યા.

આવું જ ઉદાહરણ કાગભુશુંડિજીનું છે. એમના આગળના જન્મમાં એ શિવજીના અનન્ય ભક્ત હતા. શિવજી સિવાય એ બીજા બધાનો વિરોધ કરતા હતા. એમના ગુરુ દયાળુ હતા, નીતિનિપુણ હતા. એ એમને કહેતા, 'શિવજીની સેવાનું ફળ ભગવાન રામનાં ચરણોની ભક્તિમાં જ પરિણમે છે. ગુરુનો આ ઉપદેશ કાગભુશુંડિજીને ગમતો નહીં. એ ગુરુની અવહેલના કરવા લાગ્યા.

એક દિવસ કાગભુશુંડિજી શિવના મંદિરમાં બેસી શંકરજીના નામનો જપ કરતા હતા. ગુરુદેવ ત્યાં આવ્યા પણ કાગભુશુંડિજીએ ઊઠીને એમને પ્રણામ ન કર્યા. ગુરુદેવ તો શાંત સ્વભાવના અને શીલ ચરિત્રના હતા. કંઈ બોલ્યા નહીં, પરંતુ ગુરુજીનું અપમાન સ્વયં શંકરજી સહન ન કરી શક્યા. 'અજગર બની જા', 'હજારોવાર જન્મ લે અને હજારોવાર મૃત્યુ પામ' એવાં એવા શાપ એમને આપ્યા. જે શંકરજીના એ ભક્ત હતા એ જ શંકરજીએ એમના પર ગુસ્સો દાખવ્યો. ગુરુ મહારાજને બહુ દયા આવી. એમણે ભગવાન શંકરની પ્રાર્થના કરી, અનુગ્રહ કર્યો. શંકર ભગવાનને પણ દયા આવી, કહ્યું, 'જન્મ તો એમને લેવો જ પડશે, પરંતુ જન્મ અને મૃત્યુ અસહ્ય પીડા એમને નહિ ભોગવવી પડે !' કોઈપણ જન્મમાં એમનું જ્ઞાન નાશ નહીં પામે અને છેવટના અવતારમાં એ મનુષ્ય તરીકે જન્મશે અને રામની ભક્તિ પ્રાપ્ત કરશે !'

આમ તો એ શંકરજીના ભક્ત હતા, પરંતુ શંકરજીએ પણ પ્રસન્ન થઈ એમને શું આપ્યું ? રામની ભક્તિ જ પ્રદાન કરી ! અંતિમ જન્મમાં એમના **'मन ते सकल वासना भागी । केवल राम चरण लव लागी ॥''**

શિવની સેવાનું ફળ **'अविरल भक्ति राम पद होई'** રામનાં ચરણોમાં લગની લાગી ગઈ અને પછી મુક્તિ મળી ગઈ !

**(થ)**

ભારતમાં આજે પણ શિવપૂજાનો મહિમા છે. ભગવાન શંકરના મંદિરો પણ વિપુલ પ્રમાણમાં મળે છે. આ મંદિરોમાં જો એ કહેવામાં આવે કે ભગવાન શિવે કયા પાપને નિવાર્યું હતું ? શું એમની વિદ્યા છે ? એમણે તપ કેવું આકરું કર્યું હતું ! શું એમનો સંદેશ હતો ! અને એમના સંદેશનો ઉદ્દેશ આપણે કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ તો આ બધાં મંદિરની સાર્થકતા પુરવાર થાય. એમનું મહત્ત્વ સમજાય ! તમે મંદિરમાં જાવ છો તો આ બધું જાણવા અને શીખવા અને જો આનું જ જ્ઞાન ન અપાય, મહાપુરુષો સત્ય કેવી રીતે પામ્યા એની તમને જાણ કરવામાં ન આવે તો તમારામાં એક ક્ષતિ કાયમને માટે રહી જશે. તમને કોઈ લાભ નહિ થાય. જે મંદિરમાં માત્ર ચરણામૃત વહેંચાય તે મંદિર નથી. ભગવાન શંકરના શરણે જાય છે તેને રામનાં ચરણો પ્રાપ્ત થાય છે. એને રામની પ્રીતિ પ્રાપ્ત થાય છે અને એ સદૈવ રામનું નામ જપતો થઈ જાય છે.

**तुम पुनि राम राम दिन राती । सादर जपहु अनग अराती ।।**
**काशी मरत जन्तु अवलोकी । जासु नाम बल करउँ विसोकी ।।**

કાશીમાં પણ શંકર ભગવાન મનુષ્યને એના પરાક્રમથી મુક્તિ નથી આપતા. મનુષ્યને જો મોક્ષ મળતો હોય તો એ જે નામનો જપ કરે છે તેના આધારે મળે છે. માત્ર એક પરમાત્માના ચિંતન પર જ ભગવાન શંકરે ભાર મૂકયો છે.

આ જ રીતે હનુમાન પણ એક સંત હતા. એમણે પણ રામના નામનો જ જપ કર્યો. **'सुमिरि पवनसुत पावन नामू : अपने वश करि राखे रामू ।।'** પવનસુતે પણ એ પાવન અને પરમ રામના નામનો જપ કર્યો હતો. હનુમાનજીએ ક્યારેય એવું કહ્યું નથી કે મારા નામ, 'હનુમાન-હનુમાન'નો જાપ કરો ! એમને એમના જીવનમાં જે કોઈ પણ અધિકારી ભકત મળ્યો તેને એનો હાથ પકડી ભગવાન રામનાં ચરણોમાં ઢાળી દીધો.

**हनूमान सम नहिं बड़भागी । नहीं कोउ राम चरन अनुरागी ।।**

હનુમાન સમાન કોઈ પણ ભાગ્યશાળી નથી. તો ભાગ્યનું મૂળ ક્યાં છે ? **'नहि कोउ राम चरन अनुरागी'** રામનાં ચરણોમાં પ્રેમ કે સ્નેહ એ જ ભાગ્યનો જન્મદાતા છે.

આ બન્ને મહાપુરુષોનાં કથાનકો પરથી એ સ્પષ્ટ થાય છે કે દેવતાઓમાં પણ કોઈ મહાપુરુષો છે જે આપણા પૂર્વજો તરીકે રહ્યા હોય પરંતુ અનેકો કપોલકલ્પિત દેવતાઓમાં આવા મહાપુરુષો તો એક ટકો પણ નથી. એમને પ્રત્યે શ્રદ્ધા જન્મે એ અપેક્ષિત છે કારણ એમણે કોઈ સમયે સાધના કરી પરમાત્માની સ્થિતિ પ્રાપ્ત કરી હતી. એમને સમયે એ સદ્‌ગુરુ હતા પરંતુ આજના સમયે એમની પૂજા કરવી યોગ્ય નથી. એમના નામનો જપ પણ ઉચિત નથી. અને છતાં આમ જો કોઈ કરે તોપણ એ મહાપુરુષ એક પરમાત્માની તથા વ્યક્તિના સમકાલીન સદ્‌ગુરુની કક્ષામાં આવી જાય છે. તમે તો શરૂઆતથી જ એક પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા ટકાવી રાખો અને કોઈ પ્રકારનો સમય નષ્ટ ન કરતાં એ પરમાત્માથી પ્રેરણા લેતા રહો !

**(૬)**

ગોસ્વામીજીએ રામચરિતમાનસની રચના કરી ત્યારે સાથોસાથ માનસરોગ પણ બતાવ્યા અને એના વિરોધીઓનું પણ નિર્દેશન કર્યું છે. **'मोह सकल व्याधिन्ह कर मूला ।'** - મોહ એ સંપૂર્ણ વ્યાધિઓનું મૂળ છે. કામ વાયુ છે, લોભ કફ છે, ક્રોધ પિત્ત છે. કામ, ક્રોધ, લોભ આ ત્રણે એકસાથે ભાઈની જેમ હૃદયમાં એક સ્થળે ભેગા થઈ બેસી જાય છે તો મનુષ્ય સન્નિપાતના રોગી જેવો થઈ જાય છે. **'अहंकार अति दुखद डमरूआ । तृष्णा उदर वृद्धि अति भारी ।'** આમ વીસ-પચીસ રોગોનો ચિતાર આપ્યો અને અંતે કહ્યું, **'मानस रोग कछुक मैं गाये ।'** મેં થોડાંક જ માનસ-રોગનો નિર્દેશ કર્યો છે. **'है सबके लखि बिरलन्ह पाये ।'** છે તો બધા પાસે પણ કોઈ વિરલો જ એને ઓળખી શકે છે ! તો પછી આ રોગથી મુકત થવા શું કરવું ? એ કહે છે -

**सद्‌गुरु बैद बचन बिश्वासा । संयम यह न बिषय कै आसा ॥**
**रघुपति भगति संजीवनि मूरी । अनूपान श्रद्धा मति पूरी ॥**
**एहि बिधि भलेहिं सो रोग नसाहीं । नाहिं त कोटि जतन नहिं जाहीं ॥**

સદ્‌ગુરુ જ વૈદ છે, એમનાં વચનોમાં પૂર્ણ શ્રદ્ધા રાખો. દેવી-દેવતાઓ નહિ માત્ર ભગવાનની જ ભક્તિ કરો. આ સંજીવની બુટ્ટી છે. અનુપાન રૂપે પણ સદ્‌ગુરુની શ્રદ્ધા જ લો ! આ વિધિ અનુસરવાથી કદાચ રોગ નષ્ટ ન થાય પણ પછી બીજા કોઈ કરોડ ઉપાય કરે તોપણ રોગ નહિ મટે અને જેનાથી રોગ મટવાનો જ ન હોય તો એનો ઉપાય તમે કરો જ છો શા માટે ? માત્ર એ જ પ્રભુ, પરમ પરમાત્માની ભક્તિ કરો જેથી આ માનસરોગ નષ્ટ થઈ જાય.

**(ધ)**

અત્યાર સુધીમાં તો તમને સમજાઈ ગયું હશે કે આપણા ઇષ્ટ કોણ છે ? જે આપણને અનિષ્ટોથી બચાવી લે તે આપણા દષ્ટિ કહેવાય. અનિષ્ટ એટલે ક્ષતિ-નુકસાન. દૈનિક જીવનમાં તો નાનાં-મોટાં નુકસાન થતાં જ રહે છે. ક્યારેક માથું દુઃખવા લાગે છે અને નોકરી પર જવાતું નથી. ક્યારેક ગાડી ક્યાંક અથડાઈ ગઈ અને મુસીબત ઊભી થઈ જાય. આ પ્રકારની લાખો મુસીબતો અને કામનાઓ મનુષ્યના જીવનમાં ભરી પડી હોય છે. જે આ બધાં અનિષ્ટો, મુસીબતો અને કામનાઓથી રક્ષણ આપે તે આપણા ઇષ્ટ હોય છે.

બધું જ સુરક્ષિત થઈ જાય અને જીવન પણ સમૃદ્ધ બની જાય તો પણ શરીર તો ક્ષણભંગુર હોય જ છે. આજે શરીર છે, ચાલે છે, કાલે કદાચ ન હોય, ન ચાલે. આ વાત કોઈ ખાતરીપૂર્વક કહી પણ ન શકે. આ નશ્વર છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે, 'અર્જુન, આત્મા શાશ્વત છે, શરીર નાશવંત છે !' **'अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम ।** (ગીતા, ૯/૩૩) આમ હોય તો તમારો વૈભવ, તમારો વિલાસ અહીં જ રહી જશે ! કાળ બધું જ વાળી-ચોળીને સાફ કરી નાખશે ! તો શું કોઈ એવો ઉપાય છે કે આ જન્મ-મૃત્યુના ફેરામાંથી છુટકારો આપી શકે ? એવું તો કોણ છે જે આપણને આવા ભયંકર અનિષ્ટમાંથી ઉગારી લે અને શાશ્વત સ્વરૂપ પ્રદાન કરે, કાળહીન સ્થિતિ પ્રદાન કરે, શાશ્વત-ધામ પ્રદાન કરે અને સદાય ટકી રહે એવી અક્ષય શાંતિ પ્રદાન કરે ? આ બધું જ પ્રાપ્ત થાય જ્યારે આપણે એકમાત્ર પરમતત્ત્વ પરમાત્મા,

શાશ્વત બ્રહ્મની જ સાધના કરીએ ત્યારે ! આનો પરિચાયક મંત્ર રામનામ છે. એ રામનામનો જપ કરો એ જ તમારે માટે ઇષ્ટ છે !

**(બ)**

એકવાર ભગવાન રામે સભાનું આયોજન કર્યું -

**एक बार रघुनाथ बोलाए । गुरु द्विज पुरवासी सब आये ॥**
**बैठे गुरु मुनि अरु द्विज सज्जन । बोल वचन भक्त भव भंजन ॥**

ગુરુ-મુનિ-દ્વિજ-સજ્જન બધાં જ સભામાં આવ્યા હતા. આ સમયે ભકતજનોના જન્મ-મરણના દુ:ખ દૂર કરનાર રામે કહ્યું :

**बड़े भाग्य मानुष तनु पावा । सुर दुर्लभ सबग्रन्थन्हि गावा ॥**
**साधन धाम मोच्छ कर द्वारा । पाइ न जेहिं परलोक सँवारा ॥**

આપણું મોટું પુણ્ય છે કે આપણને મનુષ્ય શરીર મળ્યું છે. આ તો દેવતાઓને પણ દુર્લભ છે. દેવતાઓએ પણ સારાં કર્મો કર્યાં હોવાથી એના પરિણામ સ્વરૂપ માત્ર ભોગો ભોગવે છે, પરંતુ આ સ્વર્ગસુખ પણ ક્ષણિક છે, અને તેથી દેવતાઓ પણ માનવ-શરીર પામવા ઉત્સુક હોય છે. આ શરીર સાધના કરવા માટે ઉત્તમ છે. આ શરીર મુક્તિ મેળવવાનું દ્વાર છે. આ માનવ-તન પામીને જેણે પોતાનો પરલોક ન સુધાર્યો એ જન્મજન્માંતર દુ:ખ પામે છે. એ માથું કૂટ્યા જ કરે છે. કાળને, ધર્મને અને ઈશ્વરને વ્યર્થ દોષ આપે છે. હકીકતમાં જો માનવ તન મળ્યું હોય અને પરલોક સુધારવાની કોશિશ ન કરતો હોય તો એ મનુષ્યે કાળને કે કર્મને કે ઈશ્વરને દોષ આપવો નકામો છે. જો કાંઈ પણ દોષ હોય તો એનો પોતાનો જ છે.

ઘણુંખરું આવા બે ત્રણ બહાના માણસ કરે છે. 'મારા તો નસીબમાં જ નથી' આમ કહી નસીબને દોષ આપવો. 'મને તો સમય જ નથી હોતો' આમ કહી સમયને દોષ આપવો અને 'બધું કરતા-કારવતા તો ભગવાન છે' આમ કહી ભગવાનને દોષ આપવો ! પરંતુ રામ ભગવાન સ્વયં કહે છે કે જો માનવ-તન મળ્યું છે તો એમાં દોષ કોઈનો કાઢવો જોઈએ નહીં. પોતાનામાં જ દોષ જોવો અને તેને દૂર કરવો. આગળ એ કહે છે :

**नर तन भव वारिधि कहुँ बेरो । सनमुख मरूत अनुग्रह मेरो ।।**
**करनधार सद्‌गुरु दृढ़ नावा । दुर्लभ साज सुलभ करि पावा ।।**
**जो न तरै भवसागर, नर समाज अस पाइ ।**
**सो कृत निंदक मंदमति, आत्माहन गति जाइ ।।**

આ માનવ શરીર તો સંસાર-સાગર પાર કરવા માટેની નાવ છે. સદ્‌ગુરુ નાવિક છે. મારી કૃપા અનુકૂળ પવન છે. આવા દુર્લભ સંજોગ અને વ્યવસ્થા પામીને પણ જો ભવસાગર પાર નથી કરતો એ પુરુષ પોતાના પુરુષત્વનો નિંદક છે, અકર્મણ્ય છે, મંદમતિ છે અને પોતાના આત્માની હત્યા કરનારો છે.

આ પાર ઉતારવા માટે શો ઉપાય કરવો ? એને વિષે કહે છે :

**जो परलोक इहाँ सुख चहहू । सुनि मम वचन हृदय दृढ़ गहहूँ ।।**
**सुलभ सुखद मारग यहु भाई । भगति मोरि पुरान श्रुति गाई ।।**

તમારે જો પરલોક સુધારવો હોય, પરમ શ્રેય અને શાશ્વત ધામ મેળવવું હોય, અમૃત તત્ત્વ પ્રાપ્ત કરવું હોય અથવા તો આ જ લોકમાં તમારી અપેક્ષાઓ સંતોષવી હોય તો મારું વચન સાંભળો અને દૃઢતાથી ધ્યાનમાં લો. તો કયું વચન છે આ ? માત્ર એક જ વચન છે, એક જ પંથ છે, આ બન્ને માટે અને તે છે **'भगति मोरी'** મારી ભક્તિ કરો ! શેષનાગની નહીં કે કોઈ દેવતાની નહીં. એમણે કહ્યું, 'મારી ભક્તિ કરો !' શ્રુતિઓએ પણ આ જ કહ્યું છે અને તેથી દૃષ્ટિ માત્ર એક જ છે, પરમતત્ત્વ પરમાત્મા ! અને આપણી દરિદ્રતા એ છે કે આપણે એ પ્રભુમાં શ્રદ્ધા રાખતા જ નથી જે પ્રત્યેક અનિષ્ટોથી આપણને બચાવે છે.

રામનું નામ આપણે લઈએ છીએ કે લોકોને એક આશ્ચર્ય થાય છે, રામ તે વળી કોણ ? માનસકારે રામનો પરિચય આપ્યો અને કહ્યું, **'राम ब्रह्म व्यापक अविनाशी !'** જે વ્યાપક છે, ચિન્મય છે, કણ-કણમાં છે, અવિનાશી છે, આનું જ બીજું નામ રામ છે ! અને આ જ ઇષ્ટ છે, એક પરમતત્ત્વ પરમાત્મા છે ! જે એમના પર નિર્ભર રહી પોતાના કાર્યમાં રત રહે છે સમૃદ્ધિ એની પાસે આવે છે. એ સુખી રહે છે અને દીર્ઘ આયુષ્ય ભોગવે છે. એને કોઈ જાતનો રોગ થતો નથી – ન શારીરિક રોગ કે ન કોઈ માનસિક રોગ ! તમે ભલે સંસારમાં રચ્યા

પચ્યા હો તમારા માટે પરલોક અને પરમશ્રેયની વ્યવસ્થા આપોઆપ થઈ જ જાય છે ! યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે, 'અર્જુન, આ નિષ્કામ કર્મમાં જે નિષ્ઠાવાન પરમાત્મામાં રત થઈ જાય છે - કશું કરતો નથી માત્ર એમાં રમમાણ થઈ જાય છે, તે પુરુષનો વિનાશ ક્યારેય થતો નથી ! આ માર્ગમાં આરંભનો પણ ક્યારેય નાશ નથી થતો. તમે તમારામાં બીજારોપણ સારી રીતે કર્યું હોય તો તમે પરમશ્રેય નજીક પહોંચી જ જશો ! કામનાઓ કદાચ થોડાં વિઘ્નો ઊભાં કરે, પરંતુ સત્યના અનુષ્ઠાનમાંનો વિનાશ તો ન જ કરે ! એટલે માનસ અનુસાર પણ એક પરમતત્ત્વ પરમાત્મા જ ઈષ્ટ છે.

દેવી-દેવતાઓ એક ભ્રમ છે. માનસ અનુસાર એક પણ જગ્યા એવી નથી જ્યાં એમનું પૂજન થતું હોય અને એ દેવી-દેવતાઓનું પૂજન કરનારને સફળતા મળી હોય એવો નિર્દેશ થયો હોય ! ક્યાંય પણ એમની પૂજાવિધિ પણ દર્શાવવામાં આવી નથી, પરંતુ દુર્ભાગ્યવશ આ બધું આપણને વંશ-પરંપરાગત મળ્યું છે અને આપણે એ ચીલે ચાલ્યા જઈએ છીએ. એ ચીલો છોડવાનો યત્ન કરતા નથી. દુ:ખ સાથે કહેવું પડે છે કે વિરક્ત મહાત્માઓ પણ આ જ માર્ગે ચાલે છે. કહેવાય છે કે રામકૃષ્ણ પરમહંસજી કાળીમાતાની પૂજા-સેવા કરતા હતા, પરંતુ એમણે આ પૂજન-અર્ચન એમના અનન્ય શિષ્ય વિવેકાનંદજીને નહોતી બતાવી કે શીખવાડી ! વિવેકાનંદજીના ઉપદેશમાં તમે કયાંય દેવી-દેવતાઓનો ઉલ્લેખ જોશો નહીં.

અયોધ્યાવાસી ચિત્રકૂટમાં પણ આ જ પૂજન-અર્ચન વિધિમાં અટવાયા હતા. એ લોકો જ્યારે રામને વીનવવા ગયા ત્યારે **'गनप गौरी त्रिपुरारि तमारि'**ની પૂજા કરતા હતા, પરંતુ રામના રાજ્યાભિષેક અને એમની સભા બાદ અયોધ્યાવાસી પોતાનાં બાળકોને **'भजहु प्रणत प्रतिपालक रामहिं'** - એવો બોધ આપતા હતા. જે પ્રણતનું પરિપાલન કરે છે એવા રામની સાધના કરો ! આંખની પલકો જેમ આંખનું રક્ષણ કરે છે તેવી જ રીતે તમે રામની આરાધના કરો ! એમના દ્વારા દેવી-દેવતાઓના પૂજન કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો.

આમ તમે જોયું કે ગીતાના જ સ્વરમાં રામચરિતમાનસમાં ગોસ્વામી તુલસીદાસજીએ પણ આરંભથી લઈને અંત સુધી ક્રમાનુસાર પરમાત્મા પર જ ભાર મૂકયો છે અને ઉત્તરકાંડના અંતમાં તો નિર્ણય આપી જ દીધો – **'सोइ कवि कोविद सोइ रनधीरा । जो छल छाड़ि भजइ रघुवीरा ॥'** અને આવી જ બીજી ચોપાઈઓમાં એ વાત પ્રતીત થાય છે કે એ જ કવિ છે, પંડિત છે, રણધીર છે જેનું મન રામમાં અનુરકત છે એ જ કુલીન અને ધર્મપરાયણ છે. નીતિવાન અને બુદ્ધિશાળી છે. દક્ષ તથા ગુણવાન છે. વેદજ્ઞ છે અને એનાં સૂકતોને સમજ્યો છે જેનું મન રામમાં જ અનુરકત છે.

આમ હોવા છતાં પણ કોણ જાણે કેમ લોકો રામની સાધના નથી કરતાં. કથાકાર વ્યાસજી કથા તો રામાયણની કહેશે પરંતુ ભજન-આરતી સમયે હનુમાન ચાલીસા બોલશે, સપ્તશતીના પાઠ કરશે ? ખરું જોતાં તો જે રામાયણનો પાઠ કરે છે કે એની કથા કરે છે એનો સંદેશ શો છે એનું તો ધ્યાન રાખવું જોઈએને ?! હજુ સુધી જો ધ્યાન ન આપ્યું હોય તો આપવું જોઈએ અને લોકોને પણ ધ્યાન આપવા માટે સમજાવવું જોઈએ ! માનસની અંતિમ પંક્તિઓ સુધી ગોસ્વામીજી તમને એક જ આગ્રહ કરી રહ્યા છે. અન્ય કોઈનો નહીં માત્ર **'रामहि सुमिरिय गाई रामहि । संतत सुनिय राम गुण ग्रामहि ॥'** રામનું શરણ ગ્રહો, રામનામનું સ્મરણ કરો, એમનાં જ ગીત ગાવ એમના જ ગુણો ગ્રહણ કરો !

**सुन्दर सुजान कृपा निधान, अनाथ पर कर प्रीति जो ।**
**सो एक राम अकाम हित, निर्वानप्रद प्रभु आन को ॥**

સુંદર, સુજાન, કૃપાનિધાન અને અનાથોના નાથ, એમના સ્નેહી એકમાત્ર રામ જ છે. એમના જેવો નિ:સ્વાર્થ હિતૈષી અને મોક્ષદાતા અન્ય કોઈ નથી.

એક જ સ્વયંસિદ્ધ ઇષ્ટની જગ્યાએ આજે આપણે અનેક દેવી-દેવતાઓને ઇષ્ટ બનાવી દીધા છે. શાશ્વત તો એકમાત્ર સર્વવ્યાપ્ત પરમ ઈશ્વર પરમાત્મા જ છે. અને તેથી સંપૂર્ણ જગતના ઇષ્ટ એકમાત્ર પરમાત્મા જ છે. આપણામાં જે કોઈ નશ્વરની પૂજામાં રત છે તે નાસ્તિક છે. આ જે અસ્તિત્વમાં માનતા નથી, એની પૂજામાં વ્યસ્ત હોય છે તેને પ્રોત્સાહન

આપવું એટલે નાસ્તિકતાને પ્રોત્સાહન આપવા જેવું છે. બ્રહ્મથી લઈને આ પરિવર્તનશીલ વિશ્વમાં એક પરમતત્ત્વ પરમાત્મા અવિનાશી અમૃતસ્વરૂપ છે. માટે એ જ સમસ્ત સૃષ્ટિના પૂજ્ય છે, ઇષ્ટ છે ! એમની આવશ્યકતા સદૈવ રહે છે અને સર્વને રહે છે. બધું જ કાર્ય અને કર્મ કરતાં કરતાં જો આપણે એક પરમાત્મામાં શ્રદ્ધા સેવીએ અને એ પરમતત્ત્વ પરમાત્માના પરિચાયક બે અથવા અઢી અક્ષરવાળા નામ ૐ કે રામ સ્મરણ કરતાં રહીએ તો આપણે આસ્તિક મનાશું કારણ આપણે અસ્તિત્વની પૂજા કરીએ છીએ. આ સાધનાની શરૂઆત પરમાત્મામાં શ્રદ્ધા અને એના નામના જાપથી જ થાય છે. હા, એની પ્રાપ્તિ સદ્‌ગુરુ દ્વારા જ થાય છે. અહીં આ ક્રિયા અનુભવગમ્ય અને સૂક્ષ્મ હોય છે.

વિશ્વમાં ભગવાન માત્ર એક જ છે. એ બે ન હોઈ શકે. એ પ્રત્યેક કણમાં વસેલા છે. અગર જો બીજા ભગવાન હોય તો એમને વ્યાપ્ત થવા માટે, વસવા માટે બીજું એક વિશ્વ જોઈએ. આ પ્રભુ રહે છે ક્યાં ? '**अस प्रभु हृदय अक्षत अविकारी । सकल जीव जग दीन दुखारी ॥**' પ્રભુ રહે છે પ્રત્યેકના હૃદયમાં. પણ એનું દર્શન થતું નથી. એનું જો દર્શન કરવું હોય તો, '**नाम निरूपण नाम जतन ते । सो प्रगटत जिमि मोल रतन ते ॥**' પ્રથમ નામનું નિરૂપણ કરી લો. આ નામ કયા પ્રકારનું છે તે જોઈ લો. એનો જાપ કેવી રીતે થાય તે સમજી લો ! શ્વાસમાં જે ધૂન આવે છે તેને પકડવી કેવી રીતે ? એ કોની પ્રેરણાથી આવે છે ? આ બધું સમજવાનો યત્ન કરો અને જ્યારે સમજાઈ જાય ત્યારે લોહી-પાણી એક કરી એ પરમાત્માને જાણી લો. એને જાણી જશો કે તરત જ એનાં દર્શન થઈ જ જશે.

આ પરમાત્મા એક ધામ છે અને એ ધામમાં પ્રવેશ કરાવે છે સદ્‌ગુરુ. '**गुरु राखई जो कोप विधाता । गुरु रुठे नहीं कोउ जग त्राता ॥**' નસીબ જો વાંકું થઈ જાય, ઘોર યાતનાઓ આવી પડે તો પણ સદ્‌ગુરુ રક્ષણ કરે છે. અને જો કદાચ સદ્‌ગુરુ પ્રાપ્ત ન થાય તો પછી ભગવાન જેવી કોઈ વસ્તુનો પરિચય થાય જ નહીં. ભગવાન આમ તો હૃદયમાં જ સ્થિત છે, પણ સદ્‌ગુરુ ન હોય તો એનું દર્શન કરાવે કોણ ? જે ગુરુ એકમાત્ર પરમાત્માની ઉપલબ્ધિની પ્રક્રિયા શું છે તે

નથી જાણતા, જેમણે સ્વયં સત્યમાં પ્રવેશ નથી કર્યો અને જે સત્યપથ પર પ્રવેશ નથી કરાવી શકતા, જે આ પ્રક્રિયાને આપણા હૃદયદેશમાં પ્રગટાવી નથી શકતા કે જાગૃતિની અનુભૂતિ નથી કરાવી શકતા તે સદ્‌ગુરુ થવા માટે સક્ષમ નથી. એ સદ્‌ગુરુ ન બની શકે. હા, કુળગુરુ થઈ શકે ! જ્યાંસુધી સદ્‌ગુરુની પ્રાપ્તિ થતી નથી ત્યાંસુધી તમે એક પરમતત્ત્વ પરમાત્માના પરિચાયક બે કે અઢી અક્ષરના નામનો જાપ કરો, અને એ જ પરમતત્ત્વ પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા સેવો અને એનું સ્મરણ કરો, એનું ભજન કરો આ વાત તમારા માટે ઇષ્ટ છે. આ શ્રદ્ધા તમારા ભાવનું એક પરમાત્મામાં કેન્દ્રીયકરણ કરશે, એક જગ્યાએ સ્થિર કરશે, આ તમારા પોતાનું પુણ્ય અને તમારા પોતાના પુરુષાર્થનું ઉદ્‌ગમ સ્થાન બની રહેશે. આની સાથોસાથ તમારો આત્મા જાગ્રત થશે અને જ્યાં સદ્‌ગુરુ હશે ત્યાં તમને દોરી જશે. આમ સદ્‌ગુરુ મળતાં યોગિક ક્રિયા દ્વારા તમારા હૃદયમાં જાગૃતિ ફેલાઈ જશે. અનુભૂતિ સંકેત ઇષ્ટના આદેશ તમને મળવા લાગશે. તમારો આત્મા જે પ્રસુપ્ત હશે, તટસ્થ હશે તે જાગ્રત થઈ જશે.

આજે ભલે એમ કહ્યું હોય કે ઈશ્વરનો વાસ હૃદયમાં છે અને તે સત્ય પણ છે, પરંતુ ચાર-છ મહિના પછી એવા કોઈ તત્ત્વદર્શી મહાપુરુષની સેવા અને એમણે બતાવેલી સાધના દ્વારા તમે પાર ઊતરી જશો. તમારો બેઠેલો ઈશ્વર તમારી સાથે સંવાદ સાધશે, તમારું માર્ગદર્શન કરશે અને તમને આગળ ચલાવી સાધનાના પથ પર મૂકી દેશે. **'न अयम् आत्मा प्रवचनेन लभ्य'** આ આત્મા પ્રવચનથી કે વિશિષ્ટ બુદ્ધિથી પ્રાપ્ત નથી થતો કે નથી પ્રાપ્ત થતો કથા-વાર્તા સાંભળવાથી. લાખો ભાવિકોમાંથી જે કોઈ પણ એક પર પસંદગી ઉતારે છે, એના હૃદયમાં જાગૃતિ ફેલાવી દે છે, અને એની આંગળી પકડી એને દોરે છે. એના નિર્દેશનમાં ચાલવાથી પ્રાપ્તિ થાય છે અને એ આંગળી ક્યારે પકડે છે જ્યારે મનુષ્ય એકમાત્ર પરમતત્ત્વ પરમાત્મામાં શ્રદ્ધા રાખે અને તત્ત્વદર્શી સદ્‌ગુરુના સાંનિધ્યમાં સાધના કરે !

વિચાર-વિમર્શ હેતુ તમારા અમૂલ્ય વિચારોનું સદૈવ સ્વાગત રહેશે.

॥ ॐ ॥

# શ્રી પરમાત્મને નમઃ

- **जन्त्र मन्त्र सब भरम है, भूत-प्रेत अरु देव ।**
  **अडगड सोचे गुरु विना, कैसे पावे भेव ॥**
- **अडगड यदि संसार में, विष और अमृत होय ।**
  **मूरख चाहत विषय विष, भक्त सुधामय होय ॥**
- **બ્રહ્મચર્ય :** મનમાં વિષયો બાબત ચિંતન ન કરતાં એક પરમાત્માનું જ નિરંતર ચિંતન કરવું એ જ બ્રહ્મચર્યનું આચરણ છે. આનાથી માત્ર જનનેન્દ્રિય પરનો જ નહિ બધી જ ઇંદ્રિયો પરનો સંયમ સહજ બનશે.
- **સાધનાની નિર્દિષ્ટ વિધિ :** એક પરમાત્મામાં શ્રદ્ધા તથા એ પરમતત્ત્વ પરમાત્માનો પરિચય કરાવનાર કોઈ બે-અઢી અક્ષરનાં નામ - ૐ અથવા રામનો જપ અને કોઈ આત્મદર્શી તત્ત્વવેત્તા મહાપુરુષ (સદ્ગુરુ)નું સાન્નિધ્ય, એમની સેવા અને ધ્યાન દ્વારા સાધનાની શરૂઆત થાય છે.
- **સદ્ગુરુ :** જે સંસારસાગરને પાર કરવા માટે સેતુરૂપ છે.

  જે સમસ્ત વિદ્યાઓનું ઉદ્ગમસ્થાન છે.

  જે સમસ્ત પુણ્યકર્મોના કરણ-કારણ છે. આથી આવા કલ્યાણકારી શિવ સ્વરૂપ સદ્ગુરુનું સતત સ્મરણ, એમના નિર્દેશનમાં ધ્યાન ધરવું જોઈએ.
- સંસારમાં સૌથી મહાન હિતેચ્છુ અને દયાળુ જો કોઈ હોય તો તે માત્ર તત્ત્વદર્શી (સદ્ગુરુ) જ છે. એમના સિવાય અન્ય કોઈ નથી. સંપૂર્ણ સમર્પણ દ્વારા એમના શરણમાં રહેનારા ભક્તનું વિશ્વની કોઈ પણ વિપત્તિ કંઈ પણ નુકસાન કરી શકતી નથી.
- **ધર્મ :** ધાર્મિક ઊથલ-પાથલને છોડી એકમાત્ર મારે શરણે આવવામાં એટલે કે એક ભગવાન પ્રત્યે પૂર્ણરૂપે સમર્પિત થવામાં જ ધર્મનું મૂળ રહેલું છે. એ પ્રભુને પ્રાપ્ત કરવા માટે નિયત વિધિનું આચરણ કરવું એ જ ધર્માચરણ છે અને જે આનું પાલન કરે છે તે ભલે અત્યંત પાપી હોય છતાંય શીઘ્ર ધર્માત્મા બની જાય છે.

  વિધાતા દ્વારા ઉત્પન્ન થયેલી સૃષ્ટિ નશ્વર છે. બ્રહ્મા અને એમના દ્વારા નિર્મિત સૃષ્ટિ દેવતા અને દાનવ, દુઃખોની ખાણ, ક્ષણભંગુર અને નશ્વર છે.
- **अनुभव गुरु की बात है, वसे दिन रात ।**
  **पलक पलक अरु स्वाँस में विपुल भेद दर्शात् ॥**
- ગીતાનુસાર પુનર્જન્મનું કારણ પાપ છે. અને જે પરમાત્માની પ્રાપ્તિ કરાવે છે તે નિયત વિધિ (કર્મ)નું આચરણ પુણ્યકર્મ છે ! તત્ત્વસ્થિત મહાપુરુષ (સદ્ગુરુ)માં શ્રદ્ધા એ પરમાત્માનો પરિચય મેળવવાનો ઉપાય છે.
- **ગુરુ કોણ છે ?** જે માત્ર હિત શેમાં છે એનો ઉપદેશ આપે છે.
- **માનવતનની સાર્થકતા :** સુખરહિત ક્ષણભંગુર છતાંય દુર્લભ માનવશરીર પામીને મારી સાધના કર ! સાધનાનો અધિકાર વિશ્વમાં પ્રત્યેક માનવ-માત્રને છે !
- **ઈશ્વરનો વાસ :** એ સર્વસમર્થ, સદા હાજર પરમાત્મા માનવીના હૃદયમાં વસે છે. સંપૂર્ણ ભાવથી એને શરણે જવા માટે આજ્ઞા છે ! આનાથી શાશ્વત ધામ અને સદાય અટલ એવી પરમ શાંતિ પ્રાપ્ત થાય છે !

- **વિપ્ર એક સ્થિતિ :** ક્રિયાત્મક પથ પર ચાલી બ્રહ્મની અનુભૂતિ જે કરે છે તે બ્રાહ્મણ (વિપ્ર) છે. અને આ ક્રિયા છે માત્ર પરમાત્મામાં નિષ્ઠા !
- **ભગવદ્પથમાં બીજનો નાશ નથી થતો :** એ આત્મદર્શનની ક્રિયાનું સ્વરૂપ આચરણ પણ-જન્મ-મૃત્યુના મહાભયથી ઉદ્ધાર કરનારું છે !
- જે એકમાત્ર સદ્ગુરુમાં શ્રદ્ધા અને એકમાત્ર પરમાત્માનું નામ, ૐ અથવા રામનું સ્મરણ કરે છે તે ભલે કર્મને ન જાણતો હોય છતાં ક્રિયાવાન છે !
- સઘળી જ વાત સહુ કોઈ જાણે છે. બબ્બે પૈસામાં વેદાંત વેચાય છે, પરંતુ યોગસાધના લખી શકાતી નથી. કોઈ અનુભવી મહાપુરુષ દ્વારા કોઈ અધિકારી સાધકના હૃદયમાં જાગ્રત કરી દેવામાં આવે છે !
- સત્ય વાતનો ત્રણેય કાળમાં અભાવ નથી. અને અસત્ય વસ્તુનું અસ્તિત્વ નથી. આત્મા જ ત્રણેય કાળમાં સત્ય છે, શાશ્વત છે. સનાતન છે !
- સકળ વિશ્વમાં સદ્ગુરુ જેવો પ્રેમપૂર્ણ, હિતચિંતક, કૃપાળુ અન્ય કોઈ નથી. ઈશ્વરની અહૈતુકી કૃપા દ્વારા જ સદ્ગુરુનાં દર્શન થાય છે.
- ગુરુનાં વચનોમાં સામર્થ્ય કળિયુગની દાંડાઈ !
- **ઈશ્વરને જોઈ શકાય છે :** અનન્ય ભક્તિ દ્વારા હું પ્રત્યક્ષરૂપે દર્શન આપું છું, અને મારામાં પ્રવેશ કરાવવા માટે પણ સુલભ છું.

★ વિશ્વમાં પ્રચલિત સંપૂર્ણ વિચારોનું આદિ ઉદ્ગમસ્થાન, ભારતનું સમસ્ત અધ્યાત્મ અને આત્મસ્થિતિનું સંપૂર્ણ જ્ઞાન અને સાધનાક્રમનું સ્પષ્ટ વર્ણન ગીતામાં છે. આ ગીતામાં ઈશ્વર એક, એને પ્રાપ્ત કરવાની ક્રિયા એક અને એનું પણ એક પરિણામ.... અને એ છે, પ્રભુનું દર્શન, ભગવદ્-સ્વરૂપની પ્રાપ્તિ અને કાલાતીત અનન્ત જીવન !


★ ગીતાના જ એક-ઈશ્વરવાદને વિશ્વની વિવિધ ભાષાઓમાં મૂસા, ઈસા, તથા અનેક સૂફી-સંતોએ પ્રચાર કર્યો ! ભાષાન્તરને કારણે એ જુદાજુદા પ્રતીત થાય છે, પરંતુ સિદ્ધાંત ગીતાનો જ છે ! અને એથી ગીતા માનવમાત્રનું અકાટ્ય ધર્મશાસ્ત્ર છે !

★ શ્રીકૃષ્ણાનુસાર મહાપુરુષ જ કર્મના માધ્યમ છે, માત્ર પુસ્તક નહિ ! પુસ્તક તો એક પ્રયોગ છે. પ્રયોગથી કોઈ નીરોગી નથી થઈ જતું, પરંતુ આ પ્રયોગને અમલમાં મૂકવો આવશ્યક છે !

★ ગીતાનુસાર પ્રાપ્ત કરવા યોગ્ય એક જ દેવ છે. આત્મા જ સત્ય છે. આત્મા સિવાય કશું જ શાશ્વત નથી ! એ મહાન યોગેશ્વરે કહ્યું, ''અર્જુન, 'ઓમ્' અક્ષય પરમાત્માના નામનો જપ કર અને મારું ધ્યાન કર !'' કર્મ એક જ છે, ગીતામાં જેનું વર્ણન છે તે પરમદેવ-પરમાત્માની સેવા ! એને શ્રદ્ધાથી તમારા હૃદયમાં ધારણ કરો !

★ ભગવાન શ્રીકૃષ્ણનાં હજારો વર્ષો પછી એમના અનુગામી મહાપુરુષોએ પણ કહ્યું, ''ઈશ્વર જ સત્ય છે'' અને આ સર્વે ગીતાના સંદેશવાહકો છે ! ઈશ્વર દ્વારા જ લૌકિક, પારલૌકિક સુખોની કામના ફળે છે, ઈશ્વરનો ડર રાખવો, અન્ય કોઈને ઈશ્વર ન માનવા, આ બધું જ આ સર્વ મહાપુરુષોએ કહ્યું, પરંતુ ઈશ્વરીય સાધના, ઈશ્વરની નજીક જવું, અનામય પરમપદ પ્રાપ્ત કરવું, આ સઘળું કેવળ ગીતામાં સાંગોપાંગ રીતે ક્રમબદ્ધ સુરક્ષિત છે.

★ ગીતાભાષ્ય **''યથાર્થ ગીતા''**નું અધ્યયન કરો.




**શ્રી પરમહંસ સ્વામી અડગડાનંદજી આશ્રમ ટ્રસ્ટ**

5, New Apollo Estate, Mogra Lane, Opp. Nagardas Road, Andheri (East), Mumbai – 400069 India
Telephone : (022) 2825300 Email : contact@yatharthgeeta.com Website : www.yatharthgeeta.com